
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# શ્રી જૈન સત્ય પ્રકાશ

ACHARYA-SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249



વર્ષ : ૨૧ : અંક : ૧૧
ક્રમાંક : ૨૫૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિજ્ઞપ્તિ

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ નજીક આવી રહ્યા છે. આ પ્રસંગે મુનિ-સમ્મેલનના સંભારણારૂપ શ્રી જૈન ધર્મ સત્ય પ્રકાશક સમિતિ અને આ માસિકને ઉદાર હાથે સહાયતા કરવાની અમો બધાં શહેરો તથા ગામોના જૈન સંઘોને વિનંતી કરીએ છીએ; અને આ માટે શ્રી સંઘને પ્રેરણા અને ઉપદેશ આપવાની પૂજ્ય આચાર્ય મહારાજ આદિ સર્વ શ્રમણ સમુદાયને સવિનય વિજ્ઞપ્તિ કરીએ છીએ.

સમિતિ પાસે કોઈ સ્થાયી ભંડોળ નથી; પણ દર વર્ષે શ્રીસંઘ તરફથી મળતી જરૂર પૂરતી સહાય ઉપર જ એનું કાર્ય નભે છે. એટલે શ્રીસંઘ તરફથી જેટલા પ્રમાણમાં વિશેષ સહાયતા મળશે તેટલે અંશે સમિતિ વિશેષ કાર્ય કરી શકશે.

ચતુર્વિધ જૈન સંઘ પોતાની આ સંસ્થા અને પોતાના આ માસિકને અવશ્ય યાદ રાખે અને વધુમાં વધુ સહાયતા મોકલી એને પગભર કરે, એ જ અભ્યર્થના.

—તંત્રી

# विषय-दर्शन


| અંક : | લેખ : | લેખક : | પૃષ્ઠ : |
|---|---|---|---|
| | વિજ્ઞપ્તિ | | ટાયટલ પાનું-૨ |
| ૧. | ક્ષમાપનાનું મહાપર્વ શ્રી પર્યૂષણાપર્વ | પૂ. મુ. શ્રી. રૂચકવિજયજી મ. | ૨૧૭ |
| ૨. | 'શ્રી. જૈન સત્ય પ્રકાશ'ને ચાલુ રાખવા માટે શું કરવું જોઈએ? | શ્રી. જૈન | ૨૧૯ |
| ૩. | અષ્ટાપદ તીર્થ-ઈતિહાસ | પૂ. મુ. શ્રી. જ્ઞાનવિજયજી મ. (ત્રિપુટી) | ૨૨૧ |
| ૪. | દક્ષિણના જૈનો અને જૈનધર્મ | શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી | ૨૨૪ |
| ૫. | તેરાપંથ-સમીક્ષા | પૂ. પં. શ્રી. ધુરંધરવિજયજી ગણી | ૨૨૭ |
| ૬. | ઓડિસાનાં મંદિરો | પૂ. મુ. શ્રી. દર્શનવિજયજી મ. (ત્રિપુટી) | ૨૨૯ |
| ૭. | દિક્પટ ચોરાસી બોલ પ્રત્યુક્તિ: (૮૪ બોલવિચાર) રેખાદર્શન | પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. | ૨૩૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)
તંત્રી : ચીમનલાલ ગોકળદાસ શાહ

| | | |
|---|---|---|
| वर्ष : २१ | વિક્રમ સં. ૨૦૧૨ : વીર નિ. સં. ૨૪૮૧ : ઈ. સ. ૧૯૫૬ | क्रमांक |
| अंक : ११ | શ્રાવણ સુદ ૯ બુધવાર : ૧૫ ઓગસ્ટ | २५१ |

## ક્ષમાપનાનું મહાપર્વ

# શ્રી પર્યૂષણા પર્વ

લેખક : પૂ. મુનિરાજ શ્રી, રૂચકવિજયજી

**આ**ત્માના કલ્યાણને માટે નજીકના સમયમાં ક્ષમાપનાનું મહાપર્વ શ્રી પર્યૂષણા પર્વ આવી રહેલ છે. આ મહાપર્વને અનેકવિધ યોજનાઓ દ્વારા ઉજવવાની યોજના મહાજ્ઞાનીઓએ કરી છે. એમાં ક્ષમાપના નામના કર્તવ્યને પણ મહત્ત્વનું સ્થાન મળેલ છે.

ક્ષમાપનાના કર્તવ્યના આચરણમાં કષાયોથી ઉપશમવાનું અનિવાર્ય બને છે. વિષયો જ્યારે મન-બુદ્ધિ ઉપર પોતાની કાતીલ પકડ જમાવે છે, ત્યારે કષાયો પવનવેગે ઊછળી પડે છે અને ઊછળી પડેલા કષાયો જીવનમાં અનેક પ્રકારના કડવા-કષાયલા રંગની ઉપસ્થિતિ કરી દે છે. આવા સમયે આત્માની હાલત બહુ દુઃખ ભરી હોય છે, જે આત્માને પોતાને પણ ગમતી હોતી નથી, તો બીજાને તો કેવી રીતે પસંદ પડે?

જૈન શાસનમાં, કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ હમેશાં કરવાનો હોય છે, કારણ કે આત્મા સૂક્ષ્મ રીતે પણ હમેશાં કષાયોથી ભર્યો ભર્યો જ રહે છે. કેવળ દૈહિક જીવન જ એવું હોય છે કે એ જીવનમાં કષાયો અને વિષયોનું સામ્રાજ્ય જ પ્રવર્તી રહેલું હોય છે. જ્યારે આમ હોય ત્યારે કષાય વિનાનો આત્મા ક્યારે હોય કે જેથી તેને ઉપશમાવવાની જરૂર ન પડે. આથી કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ હમેશાં કરવાનો હોય છે. આમ છતાં કષાયો અને વિષયોના એકછત્રી સામ્રાજ્યમાંથી આત્મજાગ્રતિનો જેમને હમેશાં અવકાશ ન મળ્યો હોય તેઓ પંદર દિવસે પણ આત્મજાગ્રતિ મેળવી શકે તો પંદર દિવસે પણ કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ કરી શકાય છે. જેઓ પંદર પંદર દિવસે પણ આત્મજાગ્રતિ મેળવી શકતા ન હોય અને એથી પંદર પંદર દિવસે પણ કષાયોથી ઉપશમવાનું બની શકતું ન હોય તેઓ જો ચાર મહિને પણ આત્મજાગ્રતિ મેળવી શકતા હોય તો તેઓ ચાર ચાર મહિને પણ કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ કરી શકે છે. આ જ રીતે જેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર ચાર મહિને પણ આત્મજાગ્રતિ મેળવી શકતા ન હોય અને તેથી ચાર ચાર મહિને પણ કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ બની શકતો ન હોય તેઓએ છેવટે શાસ્ત્રમર્યાદાના વર્ષ દિવસને અંતે તો સઘળાય પ્રકારના કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ કરવો જ જોઈએ. જેઓ છેવટ આ રીતે પણ કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ કરતા જ નથી તેઓની માનવતા કાં તો મરી જાય છે અગર ખોવાઈ જાય છે.

વિષયોના વિરાગના અભાવના કારણે અને વિષયો તરફના સદ્ભાવના કારણે આપણા જીવનમાં કષાયો કેટકેટલો અને કેવોક ભાગ ભજવે છે, તેનો સૂક્ષ્મ રીતે અભ્યાસ કરવા જેવો છે. કષાયો ઊભા થાય છે અને તોફાને ચઢે છે તે અમથા થતા નથી. એમને પણ ઊભા થવામાં અને તોફાને ચઢવામાં પૂરતા કારણો મળે છે. એ કારણો ક્યારેક પોતે પણ ખોળી લે છે તો ક્યારેક ખુદ આપણે જ તેમને પૂરા પાડીએ છીએ. કોઈ પણ રીતે પણ કારણોની હાજરી મળે અને એ ઊભા થાય તથા તોફાને ચઢે એમાં નવાઈ જેવું કાંઈ નથી. એ એવા તો ઉદાર નીતિવાળા નથી કે એમને ઊભા થવા અને તોફાને ચઢવા પૂરતા કારણો મળે અને એ ઊભા થવાનું અને તોફાને ચઢવાનું માંડી વાળે. એટલે કષાયો ઊભા થાય અને તોફાને ચઢે અને જે કાંઈ ખાનાખરાબી સરજાય તેમાં એમને જ જવાબદાર ગણવા કરતાં, એમને ઊભા થવામાં અને તોફાને ચઢવામાં જે કારણો છે એ કારણો એમને પૂરા પાડનારને જ જવાબદાર ગણવા જોઈએ, એ મને તો વ્યાજબી લાગે છે.

આમેય કષાયો પુદ્ગલ સ્વરૂપ અને જડ તો છે જ. આથી એ પોતાની મેળે સ્વતંત્ર તો પ્રયત્ન કરી શકવાના જ નથી. તેઓ આપણને વળગે તેવાં કારણો આપણે તેમને આપીએ અને તેઓ આપણને વળગી આત્માની પરિણતિ પોતાનામય બનાવે તેમાં એમનો ગુન્હો શો? જે જેવા ગુણવાળો હોય તેવો ગુણ બતાવે તેથી એ કાંઈ ગુનેગાર ઠરતો નથી. કષાયો જેવા સ્વભાવના હોય, તેવું જ, તેને અનુસરતું જ ફળ તેઓ આપે. આપણને કષાયોનું ફળ પસંદ ન હોય તો તેઓનો આપણામાં પ્રવેશ થવા દેવો ન જોઈએ અને તેઓ જે કારણોના આધારે પ્રવેશ કરે, તેવા કારણો આપણે તેમને પૂરા પાડવા જોઈએ નહિ.

આપણી તો હાલત એ છે કે કષાયોને જોઈતા કારણોનો ખજાનો આપણે ત્યાં ભર્યો પડ્યો છે, ખાલી કર્યો થાય એવો નથી. આ સંજોગોમાં કષાયોને કારણો સહેજે મળી જાય અને રોજ રોજ એ ઊભા થાય અને તોફાને ચઢે અને ખાનાખરાબી સરજાય એમાં નવાઈ જેવું શું છે?

આપણે તો આપણામાં કષાયો ઊભા થાય અને તોફાને ચઢે એવું જેમ કરીએ છીએ તેમ બીજાઓમાં પણ કષાયો ઊભા થાય અને તોફાને ચઢે, એવુંય કરીએ છીએ. આટલામાં આપણને જાણે કાંઈ બાકી રહી જતું તેમ બીજાઓની કષાયોથી ભરી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને પ્રશંસાના શબ્દપુષ્પોની ફૂલગુંથણીભરી માળાઓ આરોપણ કરવામાં આપણને ધનભાગી મનવીએ છીએ.

ભાગ્યવાનો! મહાપર્વના મહાન દિવસો નજીકમાં જ આવી રહ્યાં છે. એ દિવસો આવે એ પહેલા જ વિષયોનો સદ્ભાવ દૂર કરી વિરાગ કેળવવા માંડજો. વિષયોનો સદ્ભાવ દૂર થઈ અને વિરાગ કેળવાઈ જશે તો કષાયોથી ઉપશમવાનું સુલભ બની જશે. સૌ કોઈ ભવ્યાત્માઓ શાસ્ત્રમર્યાદાના વર્ષ દિવસને અંતે પણ કષાયોથી ઉપશમવાનું કરે અને એ રીતે ક્ષમાપનાના કર્તવ્યને જીવનમાં આચરવાનું બનાવે અને આ કર્તવ્યના આચરણનું મહાન ફળ જે મોક્ષ, તેને તેઓ પામે એ જ શુભાભિલાષા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'શ્રી જૈન સત્ય પ્રકાશ' ને ચાલુ રાખવા માટે શું કરવું જોઈએ ?

### ( શ્રી 'જૈને' દર્શાવેલા વિચારો )

**મુંબઈથી** પ્રગટ થતા 'મુંબઈ સમાચાર' દૈનિકની 'જૈન ચર્ચા'ના લેખક શ્રી 'જૈને' તા. ૫–૭–૫૬ના મુંબઈ સમાચારની 'જૈન ચર્ચા'માં 'શ્રી જૈન સત્ય પ્રકાશ' ને પગભર કરવા માટે શું કરવું જોઈએ? એ અંગે પોતાના વિચારો પ્રગટ કર્યા છે. એમાં એમણે સમિતિનો ૨૧ વર્ષનો હિસાબ પ્રગટ કરવાની સૂચના કરી છે. આ સંબંધમાં અમો એટલું જણાવવાની રજા લઈએ છીએ કે વિ. સં. ૨૦૦૫ સુધીના હિસાબો વિગતવાર 'શ્રી જૈન સત્ય પ્રકાશ'માં આ પ્રમાણે પ્રગટ કરવામાં આવેલ છે: ક્રમાંક ૬૮–૬૯માં વિ. સં. ૧૯૯૧ના શ્રાવણ માસથી વિ. સં. ૧૯૯૬ સુધીનો હિસાબ; ક્રમાંક ૧૦૩માં વિ. સં. ૧૯૯૭થી વિ. સં. ૧૯૯૯ સુધીનો હિસાબ; અને ક્રમાંક ૧૭૭માં વિ. સં. ૨૦૦૦થી વિ. સં. ૨૦૦૫ સુધીના હિસાબો છપાયેલ છે, અને વિ. સં. ૨૦૦૫ પછીનાં વર્ષોના હિસાબો પણ તૈયાર છે; અને તે થોડાક મહિનાઓમાં પ્રગટ કરવામાં આવશે. શ્રી 'જૈન' ની એ આખી નોંધ અમે સાભાર અહીં ઉદ્ધૃત કરીએ છીએ.

—તંત્રી

## શ્રી જૈન સત્યપ્રકાશને ચાલુ રાખવા માટે શું કરવું જોઈએ?

સંવત ૧૯૯૦ના ફાગણ વદિ ૩ રવિવાર તા. ૪થી માર્ચ ૧૯૩૪ના દિને અમદાવાદમાં નગરશેઠ શ્રી. કસ્તુરભાઈ મણીભાઈના શુભ પ્રયાસથી અને અમદાવાદના જૈન–સંઘના આમંત્રણથી જૈન સમાજના જુદા જુદા સમુદાયોના આશરે સાડી ચારસો સાધુઓ અને સાતસો સાધ્વીજીઓનું મુનિ–સંમેલન થયું અને તે પછી તે એકાદ મહિનો ચાલુ રહ્યું, તે વખતે અગિયાર ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા. એ ઠરાવોમાં ૧૦મો ઠરાવ નીચે પ્રમાણે હતો.

"આપણા પરમ પવિત્ર પૂજ્ય શાસ્ત્રો તથા તીર્થાદિ ઉપર થતા આક્ષેપોના સમાધાનને અંગે આચાર્ય મહારાજશ્રી સાગરાનંદસૂરિજી, આચાર્ય મહારાજ શ્રી લબ્ધિસૂરિજી, પંન્યાસજી મહારાજશ્રી લાવણ્યવિજયજી, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી અને મુનિરાજ શ્રી દર્શનવિજયજીની મંડળીએ, તે કાર્ય નિયમાવલી તૈયાર કરી શરૂ કરવું, અને બીજા સર્વ સાધુઓએ એ બાબતમાં યોગ્ય મદદ જરૂર કરવી. તેમજ એ મંડળીને જોઈતી સહાય આપવા શ્રાવકોને પણ પ્રેરણા અને ઉપદેશ આપવો."

ઉપલા ઠરાવને અનુસરીને અમદાવાદથી 'જૈન સત્યપ્રકાશ' નામનું એક માસિક પ્રગટ થાય છે. એ માસિકને ૨૧ વર્ષ થઈ ગયા છે તે છતાં એ માસિક પોતાના પગ પર ઊભું રહી શકે એટલું વાર્ષિક લવાજમ મેળવી શકતું નથી અને તેથી તેને દર વરસે મોટી ખોટ ખમીને ચાલુ રાખવું પડે છે. એ ખોટમાંની કેટલીક ખોટ શ્રાવકોની મદદથી પૂરી શકાય છે, પણ તેમ છતાં બાકીની ખોટ તો કાયમ જ રહે છે. એ સ્થિતિમાં એ માસિકના સંચાલકોને, એ માસિક ચાલુ રાખવા માટે વારંવાર શ્રાવકોની સહાય મેળવવા માટે, નિવેદનો બહાર પાડવા પડે છે અને ગયે વરસે બહાર પડેલા નિવેદનને પરિણામે મુંબઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાચારમાં અમે એ માસિકને સહાય મળે તે માટે એક અપીલ પ્રગટ કરી હતી. એ અપીલના પરિણામે અને બીજી રીતે ગયે વર્ષે એ માસિકને કેટલીક સહાય મળી હતી અને એ માસિક ચાલુ રાખી શકાયું હતું. પણ એ માસિક તરફથી આ વર્ષે પણ એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે અને જૈન જનતાની આર્થિક સહાય મળે તે માટે અપીલ કરવામાં આવી છે. અમે એ અપીલને આવકારીએ છીએ અને જૈન જનતા એ માસિકને ચાલુ રાખવા યોગ્ય સહાય આપશે એવી આશા રાખીએ છીએ. ગયે વરસે અમે મુંબઈ સમાચારમાં અપીલ કરીને અમદાવાદની શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીને એ માસિક સંબંધમાં યોગ્ય સહકાર અપાય એવી ઈચ્છા દર્શાવી હતી અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ રૂપિયા પાંચસોની આર્થિક સહાય એ માસિકના આર્થિક સંચાલન માટે મોકલી આપી હતી. એ સિવાય પણ બીજી સહાય એ પછી એ માસિકને મળી હતી, છતાં તે હજુ સુધી પગભર થઈ શકયું નથી અને તેને જીવાડવા માટે કોઈ વધુ ઉત્તમ ઉપાય યોજવો જોઈએ એમ ઘણા જૈનો માને છે. એ સંબંધમાં "શ્રી જૈન સત્ય પ્રકાશ"ના સંચાલકોને અમારી એક વિનંતી છે. તેઓએ અત્યાર સુધીના ૨૧ વર્ષના જીવનમાં કેટલો ખર્ચ કર્યો, કેટલી આવક થઈ, કોણે કોણે સહાય મોકલી, છપાઈ ખર્ચ કેટલો થયો, લેખકોને કેટલા રૂપિયા આપ્યા, પગારદાર માણસોને કેટલો પગાર અપાયો વગેરેને લગતો રીપોર્ટ જૈન જનતા સમક્ષ જાહેર રીતે મૂકવો અને જૈન જનતાને બતાવી આપવું કે જો તેને અમુક રકમની આર્થિક સહાય મળશે નહીં તો, 'શ્રી જૈન સત્ય પ્રકાશ'ને પ્રગટ કરવાનું અશક્ય થઈ પડશે. આટલું કર્યા પછી સંચાલકોએ અમદાવાદના, કલકત્તાના, મદ્રાસના, મુંબઈના, સુરતના વગેરે મોટા શહેરોના શ્રાવકો સમક્ષ એક ડેપ્યુટેશનરૂપે જઈને, માસિક માટે એક કાયમી ફંડ એકઠું કરવું અને તે ફંડમાંથી માસિક ચાલુ રાખવું. અમે ધારીએ છીએ કે માસિકને ચાલુ રાખવા માટે આવો કોઈ ઉપાય યોજવો જ જોઈએ.

[ અનુસંધાન પૃષ્ઠ ૨૩૨ થી ચાલુ ]

કોણાર્કનું સૂર્યમંદિર રથના આકારમાં છે. તેની ચારે બાજુ મોટા મોટા ૨૪ ચક્રો છે. આ ચક્રોના આરાની વચ્ચે અશ્લીલ આસનોવાળી નાની નાની મૂર્તિઓ છે, જે પુરી તથા ભુવનેશ્વરના મંદિરમાંની મૂર્તિઓ કરતાં નાની છે. પણ ઘણી વિશેષ સંખ્યામાં છે.

મંદિરના શિખરમાં ચારે દિશામાં બ્રહ્માની ૪ મૂર્તિઓ છે. અહીં બીજી ઘણી ઘણી સુંદર મૂર્તિઓ છે, પણ મંદિરના અધિષ્ઠાતા મૂળ સૂર્યની મૂર્તિ અહીં નથી. આ મંદિરમાં નાચ કરતા મોટા હાથીઓની બે મૂર્તિઓ છે.

આ મંદિરોનો ઇતિહાસ જોતાં સમજી શકાય છે કે પ્રાચીનકાળમાં કલિંગમાં જૈનોનું કેટલું પ્રભુત્વ હતું અને આજે તેમાં કેટલું પરાવર્તન થયું છે.

કોઈ સ્થાપત્યપ્રેમી આ લેખનું પરિશીલન કરી ઉડિસામાં જઈ વિશેષ પ્રયત્ન કરશે તો તે આ વિષય પર વધુ પ્રકાશ નાખી શકશે, અને ભારતને ઉડિસાની પ્રાચીન સંસ્કૃતિનું સાચું જ્ઞાન આપી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અષ્ટાપદ તીર્થ-ઇતિહાસ

લેખક : પૂ. મુનિરાજ શ્રી. જ્ઞાનવિજયજી (ત્રિપુટી)

[ ગતાંકથી ચાલુ ]

## સીમલાથી માનસરોવર

ભારતમાંથી માનસરોવર જવાના ૩ રસ્તા છે. એક રસ્તો સીમલા થઈને નીચે મુજબ જાય છે.

દિલ્લીથી કાલકા ધરમપુર થઈને **સીમલા** જવાય છે. કાલકાથી પગ રસ્તે પણ જવાય છે. કાલકા પાસે ૪ માઈલ દૂર **પેનજોર** ગામ છે. પ્રાચીનકાળમાં આ મોટું નગર હતું. અહીં એક કૂવો છે, હવાડો છે જે પવિત્ર મનાય છે વૈ. સુદ ૧૫ થી વૈ. વદ ૩ સુધી મોટો મેળો ભરાય છે. અહીં પ્રાચીન નગરના ટીલામાંથી તીર્થંકરોની ઘણી ખંડિત **પ્રતિમાઓ** નીકળી છે. બીલ સાહેબ બુદ્ધિસ્ટ રેકર્ડ ઓફ ધી વેસ્ટર્ન વર્લ્ડમાં જણાવે છે કે:—ક્રિયાપીશીમાં ૧૦ બૌદ્ધ મંદિરો અને બીજા ધર્મોના મળીને ૧૦૦૦ મંદિરો છે. અહીં દિગમ્બરો, રાખોડી ચોલનારા અને હાડકાના આભૂષણવાલા સાધુઓ રહે છે. આ ત્રણે સંપ્રદાયના સાધુઓ દિગમ્બર, પાશુપત અને કાપાલિક તરીકે ઓળખાય છે. તે સમયમાં ક્રિયાપીશી એ ભારતની ઉત્તરે પંજશીલ અને તામાવવેલીનું પાટનગર હતું.

સીમલાનો પહાડ સમુદ્રની સપાટીથી ૭૦૮૪ ફૂટ ઊંચો છે. સીમલામાં જૈન મંદિર છે, જૈન ધર્મશાળા છે. એવું પણ મનાય છે કે—ભગવાન પાર્શ્વનાથ અહીં વિચર્યા છે.

(Parcvanatha Charitra. P. 236.

By Muirice B Comfield Baltimore).

પ્રાચીનકાલમાં બહુ પ્રસિદ્ધિ પામેલું **સિંહપુરી** એ જ આ સીમલા હોય તો એના સંશોધનથી ભારતના ઇતિહાસનું એક નવું પાનું ઊઘડશે.

સીમલાથી માનસરોવર ૧૩૧ માઇલ છે. વચમાં ૧૩ પડાવો આવે છે. તે તે પડાવોના નામો, તેઓના ફાંસલાના માઇલ, અને તેઓના પહાડની સમુદ્ર-સપાટીથી ઊંચાઇના ફૂટોની તાલિકા નીચે પ્રમાણે છે.

સીમલા ઊંચાઈ ૭૦૮૪ ફૂટ. ફેગુ માઇલ ૧૨, ઊંચાઈ ૭૬૨ ફૂટ. ઓગ માઇલ ૬, ઊંચાઈ ૭૪૨૧ ફૂટ. મતીઆના માઇલ ૧૦, ઊંચાઈ ૭૬૯૧ ફૂટ. મારકંડા માઇલ ૧૧, ઊંચાઈ ૯૦૦૦ ફૂટ કેટગઢ મા. ૧૧, ઊં. ૭૨૧૨ ફૂટ. આ મોટું શહેર છે. તેની એક તરફ ઝાડીવાળો ઊંચો પહાડ છે, બીજી તરફ ૪૦૦૦ ફૂટ નીચે ખાણમાં પાંચ માઇલ દૂર વાર્ટુના ઢોળાણમાં સતલજ વહે છે. અહીં પુરુષો અને સ્ત્રીઓ ખૂબસૂરત છે. અહીં પહાડી સ્ત્રીઓને ત્રણ-ચાર પતિ હોય છે. સ્ત્રીઓ ખેતીનું કામ કરે છે. સૌ કોઈ ગળામાં અને માથામાં ફૂલ પહેરે છે.

દત્ત નગર માઇલ ૧૨, ઊંચાઈ ૩૨૦૦ ફૂટ. આ સતલજને કિનારે મોટું શહેર છે. આનું બીજું નામ રામપુર છે. અહીં બૌદ્ધના અને હિન્દુઓના મંદિરો છે.

ગૌરા માઇલ ૮.

સરહન માઇલ ૧૦, ઊંચાઈ ૭૪૪૮ ફૂટ. અહીં કાલિકાનું મંદિર છે. તેમાં એકકાલે નર-બલિ દેવાતો હતો, હવે દેવાતો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગ્નિકુંડ માઈલ ૩. અહીં ઊના પાણીના ૫ ઝરા છે, તે ૪૦૦૦ ફૂટ ઊંડા છે. તે સતલજના મુખ આગળ રહેલા છે. તે ખીણની બાજુથી વહે છે. તેઓના પ્રવાહનો વેગ સતલજ-માં અર્ધા માઈલ સુધી રહે છે અને તેના સીકરો ૪૦ ફૂટ ઊંચે ઊડી નદીમાં પડે છે. એક ઝરાનું પાણી એક કૂવામાં વાળી લીધું છે. તેમાં યાત્રાળુઓ સ્નાન કરે છે.

ટેરન્ડા માઈલ ૧૩.

નામટ માઈલ ૧૦.

વેંગટો બીજ, માઈલ ૪, સતલજનો પૂલ છે.

આરની માઈલ ૧૧.

રોગી માઈલ ૧૦૦, ઊંચાઈ ૯૧૦૦ ફૂટ.

માનસરોવર માઈલ ૩. અહીં ઠંડી હવા છે, તેથી ગરમ કપડાં પહેરવાં પડે છે, પણ હવા તંદુરસ્તી આપે છે. અહીંની યાત્રા મે, જૂન અને જુલાઈમાં કરવી જોઈએ.

માનસરોવરની પાસે બીજા બે સરોવરો છે. માનસરોવરમાંથી અને એ પહાડીમાંથી સિન્ધુ (સીંગીકાબાબ, લાયનરીવર, સિંહમુખમાંથી નીકળતી સિંહધૂની, લિચ્છવીઓના રાજચિહ્ન સિંહથી પ્રસિદ્ધ થએલી સિંહધૂની નદી.) કરમાલા (મ્યૂર) સતલજ (શતદ્રુ) અને બ્રહ્મપુત્રા નદીઓ નીકળે છે. તેની ઉત્તરમાં અષ્ટાપદ યાને કૈલાસ છે જેનું તિબેટન નામ કાન-ગ્રીન-પોચ છે. તેની પ્રદક્ષિણા ૨૫ માઈલની મનાય છે.

માનસરોવરનું વર્ણન આ પ્રમાણે મળે છે: માનસરોવરનું તિબેટી નામ Ma–Ban મા–બેન છે. તેનો કિનારો ગોળ છે. અહીંથી હીરાની ખાણ જેવી ૪ નદીઓ, તિબેટના ૬ વિભાગો, અને ચારે તરફના નાના મોટા પહાડોનાં દશ્યો મનોહર લાગે છે. સરોવર સમુદ્ર સપાટીથી ૧૫૦૯૮ ફૂટની ઊંચાઈએ છે. તે ૧૫ માઈલ લાંબું છે, ૧૧ માઈલ પહોળું છે. તેની પાસે ૧ Rubshu રૂબશુ–મીઠું સરોવર અને ૨ Salt–lake–સોલ્ટ લેક–ખારું સરોવર એમ બે સરોવર છે. બન્ને સરોવર વચ્ચેની સંયોગી ભૂમિમાં ઊના પાણીના ઝરાઓ છે. માનસરો-વરને કાંઠે ૮ ધર્મશાળાઓ છે. અહીંથી પાંચ–છ દિવસમાં પ્રદક્ષિણા થઈ શકે છે.

(J. A. S. B. 1848 P. 165).

માનસરોવરની દક્ષિણે પર્વતોની હાર છે. ટેકરી ઉપર ચડીને જોવાથી તેનો દેખાવ રમણીય લાગે છે. સરોવરની દક્ષિણમાં Gurla Mandatta ગર્લમાન્ડાટા અને ઉત્તરમાં Kailas કૈલાસ પહાડ છે. આ બન્ને પહાડોની વચમાં આ સરોવર Oval લંબગોળ જેવું અને Tarquoise ના આકારે દેખાય છે. પાસેના પહાડી શિખરો સફેદ, ચમકતા, સ્થાયી અને બરફથી ઢંકાયેલા રહે છે.

(Seven Hedines Trans Himalaya Vol. 2. P. 112).

(નંદલાલ દેનું જોગ્રોફિકલ ડીક્સનેરી ઓફ એન્સ્યન્ટ એન્ડ મેડીવીયલ ઇન્ડિયા. પૃ. ૧૨૩)

બૌદ્ધ સાહિત્યમાં એક Anava–tapta or Ano-tapta આનવા તપતા અથવા આન તપતા સરોવર બતાવ્યું છે જેને તિબેટિયનો Langaksa લાંગાકસા અથવા રાક્ષસ તાલ કહે છે જે ૫૦ માઈલ લાંબું અને ૨૫ માઈલ પહોળું મનાય છે. તેના મધ્યભાગમાં એક ડુંગરી છે.

સરોવરની પૂર્વ દિશામાં Gyantang જ્ઞાનતાંગ (જ્યાન-તાંગ) નામનો વિહાર છે જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુ પુરાણો છે, જેમાં લંકાપતિ રાજા રાવણની પ્રતિમા છે. રાવણ આ સરોવરમાં સ્નાન કરતો હતો [૧૫]

એવું કહેવાય છે કે સતલજ નદીનું મૂળ આ સરોવરમાંથી નીકળે છે.

ત્રિષષ્ઠી શ. પુ. ચરિત્ર પર્વ–૭, સર્ગ૦ ૧માં વર્ણન છે કે:–રાવણ સરોવરનાં કમલનાં ફૂલો લાવી કૈલાસ ઉપર શ્રીતીર્થંકરોની પૂજા કરતો હતો.

**અષ્ટાપદ તીર્થ**

ઉપરના પ્રમાણોથી સ્પષ્ટ છે કે માનસરોવરની ઉત્તરે આવેલો કૈલાસ એજ અષ્ટાપદ પહાડ છે. જૈન સાહિત્યમાં વર્ણન છે કે–અષ્ટાપદ સ્ફટિકનો છે. તેને કોરી કોરીને આઠ માળ જેવો બનાવ્યો છે. તેની ઉપર સુવર્ણમંદિર છે, જેમાં વિવિધ રત્નોની તીર્થંકરની પ્રતિમાઓ છે, જેનો દેખાવ આઠમી ભૂમિકા ઉપર મંદિર બનાવ્યું હોય એવો છે. ઉપરના વિદ્વાનોના વર્ણનમાં પણ આપણને એ જ વસ્તુનો આભાસ થાય છે.

રાજકુમાર જહ્નુએ તેની ચારે બાજુ ખાઈ કરી તેમાં પાણી ભર્યું હતું. ત્યાંના બરફનો જમાવ અને ઊંડા સરોવરો પણ આ ઘટનાની સાક્ષી પૂરે છે.

જૈન સાહિત્યમાં ઇતિહાસ છે કે:–લંકાપતિ રાજા રાવણે અષ્ટાપદ તીર્થની યાત્રા કરી છે. માનસરોવર પાસેનું Rakhastal રાક્ષસ તલાવ અને જિયાન વિહારમાં રહેલી રાવણની પ્રતિમા વગેરે પ્રમાણો એ યાત્રાની નિર્ભેળ સાક્ષી આપે છે. સંભવ છે કે રાજા રાવણે ઉપર જતાં પહેલાં સ્નાન કરવા માટે આ તલાવ તથા વિહાર બનાવ્યા હશે. જિયાન તાંગ એ જિન ટૂંક કે જિન વિહારનું પણ વિકૃત શબ્દરૂપ સંભવે છે. તેને અષ્ટાપદની તળેટીનું મંદિર કહીએ તો એ બંધબેસતી કલ્પના છે.

શિવપુરાણના શ્લોકમાં ભગવાન શ્રીઋષભદેવ અને મંગલમૂર્તિ શિવને એક બતાવ્યા છે. બૌદ્ધ સાહિત્ય અષ્ટાપદ કે કૈલાસ પર બુદ્ધ–નિર્વાણ માનતું નથી એટલે વિના વિવાદે નક્કી છે કે આ Kangripoche યાને કૈલાસ એ ભગવાન ઋષભદેવની નિર્વાણભૂમિ અષ્ટાપદ છે. તિબેટી શિલાલેખમાં વપરાયેલો અર્હત્–સ્થાન તરીકેનો શબ્દોલ્લેખ પણ આ જ વસ્તુને પુષ્ટ કરે છે.

અંતમાં સત્ય–પ્રેમીઓની ફરજ છે કે આ અંગે વિશેષ શોધખોળ કરવાને સક્રિય પ્રયત્ન કરે. કોઈ પ્રાચ્ય વિદ્યાપ્રેમી કે તીર્થભક્ત ઉત્સાહી જૈન આ માટે પોતાના સમય અને લક્ષ્મીનો સદુપયોગ કરે તો તે સાચી શાસનસેવા સાધી શકશે અને ધર્મ–પ્રધાન ભારતને આ અવસર્પિણી કાળના આદિ નિર્વાણતીર્થનું દાન કરી શકશે.

બસ! આવો તીર્થંકર ભક્ત જાગે અને જગતને અષ્ટાપદ તીર્થની પુન: ભેટ કરાવે એ પવિત્ર કામના પૂર્વક આ લેખ સમાપ્ત કરું છું. **[ સંપૂર્ણ ]**

---

૧૫ काऊण जिणहराणं पूयं, कुसुमेहिं जलय थलयेहिं ॥ —( पउमचरियं )

ઉપર જિયાનતાંગમાં રાવણની પ્રતિમા બતાવી છે.

મધ્ય ભારતમાં ભોપાવર પાસે બડવાણીમાં કુંભકરણ અને ઇંદ્રજીતની પ્રતિમાઓ હોવાનો ઇતિહાસ મળે છે.

बडवाणी वरनयरे दक्षिणभायम्मि चूलगिरिसिहरे ।
इंदजीद कुंभयणो णिव्वाणगया णमो तेसिं ॥ ५ ॥
—( दि० जैन निर्वाणकांड )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દક્ષિણના જૈનો અને જૈનધર્મ

લેખક : **શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી**

**દક્ષિણમાં જૈનધર્મ** કેટલા લાંબા સમય સુધી ચાલુ હતો, તેમજ જુદા જુદા વંશના રાજવીઓ તરફથી એને કેવો ટેકો મળ્યો હતો એ વાત જોઈ ગયા પછી, એના હ્રાસમાં જે ઉલ્લેખો દૃષ્ટિગોચર થાય છે તે તરફ ઊડતી નજર ફેરવી લઈએ.

**पांड्य** मुलुखांत जैनधर्म प्रसारास आला घालण्यांत ज्या प्रमाणें संबंदर यांचे श्रम कारणीभूत झाले त्याच प्रमाणें **पल्लव** राज्यांत जैनधर्मास प्रतिकूल परिस्थिति निर्माण करण्यास अप्पार यांचे श्रम कारणीभूत झाले.

સંબંદરની માફક અપ્પરનો જન્મ બ્રાહ્મણ-કુળમાં નહોતો થયો. તેની જાતિ 'બેલ્લાલ' હતી. એ શૈવધર્મી બન્યો તે પૂર્વે જૈનધર્મી હતો કેમકે તેણે રચેલા કેટલાક સ્તોત્રો ઉપરથી એ વાત સિદ્ધ થાય છે. જૈન ઉલ્લેખ પ્રમાણે તરુણ અવસ્થામાં તેણે જૈનધર્મની ભાગવતી દીક્ષા સ્વીકારી હતી. પ્રૌઢ વયમાં એ શૈવધર્મી બન્યો અને પાછલી વયમાં ફરીથી જૈનધર્મી થયો. શૈવધર્મ છોડીને જ્યારથી જૈનધર્મમાં પ્રવેશ્યો ત્યારથી એના તરફ શૈવમતાનુયાયીઓની નજર વિકૃત થઈ હતી. શૈવધર્મ અંગે એ ટીકા-ટીપ્પન લખશે કિંવા વિરુદ્ધ પ્રચાર કરશે એ આશંકાથી તેનું ખૂન કરાવવામાં આવ્યું.

બૌદ્ધ ધર્મની માફક જૈનધર્મનો સમૂળો લોપ દક્ષિણમાં થવા પામ્યો નથી જ. આઠ હજાર જૈન પંડિતોને ઘાણીમાં નાંખી પીલવામાં આવ્યા. તે સામાન્ય જૈનો નહોતા પણ વિદ્યાધારી આગેવાનો હતા. આટલી પીડા પડવા છતાં તેઓએ જૈનધર્મ તજ્યો નહોતો. પાંડ્ય-વંશના રાજ્યકાળે — છઠ્ઠી અને સાતમી સદીમાં — જૈનોનું ભારે વર્ચસ્વ હતું. એ વેળા શ્રમણોએ અને જૈન આગેવાનોએ ધર્મપ્રચાર અંગે ઠીક ઠીક પ્રયાસ કર્યો છે. પાછળથી ધર્મ-ઝનૂન વધી પડવાથી અને કેટલાક કટ્ટર શૈવધર્મીઓના પ્રયાસથી રાજવીઓની નજર વિકૃત બની, જનતામાં એ લોકોએ ખોટો પ્રચાર કરી ધર્માંધતા પેદા કરી; એટલે ઉપર જણાવ્યું તેમ જેઓ મક્કમ રહ્યા તેમને મરણાંત ઉપસર્ગો સહન કરવા પડયા. કેટલાકની એ શક્તિ નહોતી એટલે તેઓ દેશ ત્યજી ગયા; જ્યારે કેટલાકે જબરાઈથી ધર્મ છોડી દીધો. આ રીતે સુંદર પાંડ્ય રાજાના સમયમાં ધર્માન્તર વધી પડયું. એક રીતે કહીએ તો ધાર્મિક ક્ષેત્રમાં એ કાળે મોટી ક્રાન્તિ સર્જાઈ.

સિંહાવલોકન કરતાં જણાય છે કે તામિલ દેશમાં ઈ. સ. ના પહેલા શતકથી આરંભી પાંચ, છ, સાત અને આઠ પર્યંત જૈનોની સામાજિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રોમાં બોલબાલા હતી. અર્થાત્ જૈનો અધિકારના સ્થાને હતા તેમજ તેમનું રાજ્યમાં વર્ચસ્વ હતું. એ વેળા પ્રજામાં જૈનધર્મના સંસ્કાર સુપ્રમાણમાં પ્રસર્યા હતા. એ વેળા જનસુખાકારી પણ સુપ્રમાણમાં હતી.

**શૈવમાર્ગી** ઝનૂની સાધુઓએ ઉપર જોઈ ગયા તેમ સુંદર પાંડયના કાળે ધર્માંધતાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષ ફેલાવ્યું અને એ કારણથી આઠ અને નવમા શતકમાં જૈનધર્મના શીરે સાડાસાતની પનોતી બેઠી. ધીમે ધીમે એ જનતાના હૃદયમાંથી ઓસરતો ગયો.

પાછળથી એમાં વૈષ્ણવધર્મીઓએ સાથ પુરાવ્યો, જેની અસર દશમા શતકમાં સારા પ્રમાણમાં જોવાય છે. એ વેળા અનેક કુટુંબો પાંડ્ય અને પલ્લવ રાજાઓનો દેશ છોડી મ્હૈસુર સંસ્થાનમાં આવી વસ્યા. એ વેળા **શ્રવણ–બેલગોલ** જૈનધર્મનું કેન્દ્ર હતું.

શ્રવણ–બેલગોલ અને એની આસપાસના પ્રદેશમાં ગંગવંશીય રાજાઓ રાજ્ય કરતા હતા. જૈનધર્મ એ કાળે રાજ્યધર્મ હતો. એ વેળા જૈનધર્મી વિદ્વાનોએ વાઙ્મય–રચનામાં સારો ફાળો આપ્યો છે. બ્રાહ્મણોએ એ દિશામાં, તેમની બરાબરી કરવામાં ઠીક ઠીક પ્રયત્નો કર્યા, પણ એમાં તેમને સફળતા ન મળી.

ઉદાહરણ તરીકે '**कुरल**' व '**शिलप्पदिकारम्**' એ તામીલ ભાષાના વિખ્યાત ગ્રંથો તો જૈન વિદ્વાનોની ચમત્કારપૂર્ણ કૃતિઓ તરીકે ઓળખાઈ ચૂકયા હતા. એ પછી ઉપર વર્ણવેલ આપત્કાળમાં પણ જૈન વિદ્વાનોએ પોતાનામાં રહેલી સાહિત્ય–ભક્તિના ઓજસ ભરી ભાષામાં દર્શન કરાવ્યાં છે. એ રીતે પૂર્વજોની પ્રતિષ્ઠાને તેઓએ જીવંત રાખી છે.

જૈન મુનિ तिरुतक्कदेवर કૃત **चिंतामणी** નામના તામીલ ભાષાનો ગ્રંથ મહાકાવ્યની ગણનામાં અગ્રસ્થાન ભોગવે છે. એ જ ભાષામાં વ્યાકરણ સંબંધી ગ્રંથ **पवनंदा** મુનિએ તેરમા શતકમાં રચેલ છે. આ ઉપરાંત જ્યોતિષ, ભાષા, વ્યાકરણ અને ગણિત આદિ સંખ્યાબંધ વિષયો પર જૈન મુનિઓએ, સારા પ્રમાણમાં કલમ ચલાવી છે. मलयापुर, बिड्डवाई, तिरुमलाई આદિ ભાગોમાં જૈનોની વસ્તી વિશેષ પ્રમાણમાં હતી. હિંદુધર્મી રાજાઓનો આશ્રય હોવા છતાં, બ્રાહ્મણો વાઙ્મયના ક્ષેત્રમાં જૈનોની બરાબરી કરી શકયા નહીં. જ્યારે દક્ષિણમાં મુસલમાનો સત્તા પર આવ્યા અને માધવાચાર્યનો પ્રભાવ વધવા માંડયો ત્યારે જૈનો સંખ્યામાં ઘટવા લાગ્યા. આમ છતાં વાઙ્મયના ક્ષેત્રમાં તો જૈન અને હિંદુ એમ ઉભય ધર્મને સોસવું પડયું.

હિંદુ ધર્મના ગ્રંથોમાં જૈનધર્મ સંબંધી ઉલ્લેખ ખાસ કરી જોવા મળશે નહીં, અને કદાચ અગત્ય વિચારી કરાયો હશે તો ત્યાં એને વિકૃત સ્વરૂપ અપાયેલું હશે. એ કાળ સાંપ્રદાયિક કટ્ટરતાનો હતો. ધર્મપ્રેમ કરતાં ધર્મઝનૂન વધારે અગ્રસ્થાન ભોગવતું હતું. આવી પરિસ્થિતિમાં જે કાંઈ થોડી ઘણી માહિતી પ્રાપ્ત થાય છે તે **કર્નલ મેક્ષી, કોલબ્રુક** આદિ આંગ્લ લેખકોના શોધપૂર્ણ ગ્રંથોને આભારી છે. તેઓએ સ્વતંત્ર દૃષ્ટિથી લખ્યું છે તે આપણા માટે ઓછું ગૌરવભર્યું નથી જ. એ સંબંધમાં લેખકના મરાઠી ભાષાના શબ્દો અંતમાં ટાંકયા છે, એ સમજાય તેવા છે. પણ એ પૂર્વે અહીં કહ્યા વગર રહેવાતું નથી કે જ્યારે ઉપર વર્ણવી તેવી સ્થિતિ દેશમાં પ્રવર્તતી હતી, ત્યારે આપણા પૂર્વજોએ ભ. શ્રીમહાવીરદેવની વાણીનો પ્રચાર કરવા, એ દ્વારા સાચા જ્ઞાન–રવિના કિરણો પ્રસારવા, વિશાળ જનસમૂહનો અજ્ઞાનરૂપી અંધકાર ઉલેચવા, ખંતપૂર્વક જે પ્રયાસ સેવ્યો છે, એમાંનું આજે આપણે કેટલું કરી રહ્યા છીએ ?

આજે દેશમાં અશાન્તિનું નામ નથી. સાંપ્રદાયિકતાએ ખૂણો લીધો છે. અન્ય પ્રકારની સગવડોનો પાર નથી. વિહારની મુશ્કેલી નથી અને સાહિત્ય–રચનામાં જોઈતી સામગ્રી સારુ પૂર્વે જેમ કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રસૂરિજીને કાશ્મીર તરફ નજર દોડાવવી પડી હતી, તેવી સ્થિતિ નથી. આપણે હરગીજ ન ભૂલીએ કે '**લોકાલોકપ્રકાશકર તો જ્ઞાન જ છે.**

૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિયાનો નંબર દેશ–આરાધક રૂપે નિયત થયેલ છે અને સર્વઆરાધકની પદવી તો **જ્ઞાનને** જ ભગવંતે આપેલી છે.' વિશ્વને આજે જ્ઞાનપિપાસા અતિ મોટા પ્રમાણમાં ઉદ્ભવી છે. એ વેળા ત્યાગી ગણ અને સમાજધુરિણો પ્રમાદ સેવશે તો પેલા શેઠવાળા કથાનક જેવો ઉપાલંભ શરિ ચોંટશે. પૌદ્ગલિક ધન ચોરી જનાર ચોરો ઘરબહાર વિદાય થઈ ગયા ત્યાં સુધી શેઠની ઊંઘે ન ઊડી. જાણું છું, જાણું છું, રૂપી જવાબ ચાલુ રહ્યો. આખરે પતિભક્તા પત્નીને દુઃખાતા દિલડે ઉચ્ચારવું પડ્યું કે '**તમારા જાણપણામાં ધૂળ પડી.**' વિશ્વના વિદ્વાનોને ચકિત કરી દે એવો અણમૂલો વારસો આપણો હોવા છતાં એની જાણ સરખી જૈનેતર વર્ગના મોટા ભાગને ન હોય, તો એમાં દોષભાગી કોણ છે? આ પ્રશ્ન વિચારણીય નથી કે?

" वांग्मय व शिल्पकला यांची जैनांना अत्यंत आवड. शिल्पकला व वांग्मय यांचा अभ्युदय व विकास करितांना कोणत्याहि स्वार्थी विकारासने वश झाले नाहींत. तामील वांग्मयांत जैनधर्मीयांनी टाकलेली भर अमूल्य आहे. संस्कृत शब्दांच्या धातूपासुन अनेक तामिल शब्द जैनधर्मीयांनी बनविले; अनेक संस्कृत शब्दांचे उच्चाराचे दृष्टिनें फेरफार करून त्यांना तामील पोशाख चढविला. कोणत्याहि विशिष्ट देवाच्या, अगर धर्माच्या नांवाचा उल्लेख न करितां आपल्या धर्माचा उपदेश करण्याची हातोटी जैनांना साध्य झाली होती; व त्याचें प्रत्यंतर **कुरल** व **नालदीचार** या ग्रन्थातून मिळतें. मनाचा खरा समतोलपणा असल्या खेरीज अशी कृति शक्य नाहीं. तामील भाषेपेक्षांहि कानडी भाषेवर जैनांचे अनंत उपकार आहेत. **कानडी भाषेचे उत्पादक व संरक्षक जैनच असें** म्हटल्यासने वस्तुस्थितिस सोडून होणार नाहीं. ई. सनाच्या बारव्या शतकाच्या मध्या पर्यंत जैन व जैन वांग्मय म्हणजेच कानडी भाषा व कन्नड वांग्मय असें मानावें लागतें सर्वांत जुनें व सर्वोत्कृष्ट कन्नड वांग्मयांची लेखण जैनांची आहे. जात्यभिमान व धर्माभिमान यांच्या मोहास बळी न पडतां केवळ वांग्मयप्रेमाखातर जैनांनीं वांग्मयसेवा केली. स्वतंत्र ग्रन्थलेखना बरोबरच अनेक उत्कृष्ट संस्कृत ग्रन्थांचें कानडीत रूपांतर केले. **पंप** वगैरे जैन कवि व त्यांच्या काव्यांचें अद्वितीयत्व या पुढें एका स्वतंत्र प्रकरणांत देण्यांत आलें आहे."

( દક્ષિણ ભારત જૈન વ જૈન ધર્મ પૃ. ૬૭.)

મરાઠી ભાષાના ઉપરના અવતરણમાં છેલ્લી લીટીમાં પંપ વગેરે કવિઓની કૃતિઓ સંબંધી વિચારણા કરતાં પૂર્વે અહિંસા, મૂર્તિપૂજા આદિ સંબંધે લેખકે જે કેટલીક વાત આલેખી છે તે પછી જોવાશે. [ ક્રમશઃ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તેરાપંથ-સમીક્ષા

લેખક : પૂ. પં. શ્રી. ધુરંધરવિજયજી ગણી

[ લેખાંક પાંચમો ]

તેરાપંથનાં કેટલાંક મંતવ્યો પૂર્વે જણાવ્યા છે. તેના અનુસંધાનમાં બીજાં કેટલાંક તેવાં મંતવ્યો, કે જેમાં મુખ્યત્વે દયા–દાન સંબંધી વિકૃત–વિરૂપ વિચારણાએ ભાગ ભજવ્યો છે તે અહીં જણાવાય છે.

શાસ્ત્ર અને આગમોની વાતો વગર સમજે એમ ને એમ રજૂ કરવાથી અનર્થની પરંપરા જન્મે છે. કયા પ્રસંગે કોને આશ્રયીને એ વચન કહેવાયું છે તેનું લક્ષ્ય જોઈએ. અમુક કલ્પવાળાને કરણીય હોય તે બીજા કલ્પવાળાને કરણીય હોતું નથી. સર્વથા કરણીય અને સર્વથા અકરણીય એ પ્રમાણે સર્વ માટે એક સરખું સમજવા–સમજાવવાથી ઘણી ગેરસમજૂતિઓ ઊભી થાય છે.

૧૫. રાસડીથી–દોરડીથી બાંધેલા જીવોને–પશુઓને ભૂખ–તરસથી આકુળવ્યાકુળ દેખીને છોડે તો સાધુને ચોમાસી પ્રાયશ્ચિત્ત આવે.

૧૬. કોઢ આદિ અનેક વ્યાધિગ્રસ્ત જીવોને અનુકંપા કરીને સાજા કરે એ સાવદ્ય. જો એ પ્રમાણે કરી શકાતું હોય તો પૂર્વે અનેક લબ્ધિધારી મુનિઓ એ કાર્ય કેમ કરતાં ન હતાં.

૧૭. સાધુ અનુકંપા કરે તો વૈરાગ્યનો ઉપદેશ આપે, ચારે આહારના પચ્ચખ્ખાણ કરાવે.

૧૮. ભૂલા પડેલા ગૃહસ્થને સાધુ માર્ગ બતાવે તો ચાર માસનું પ્રાયશ્ચિત્ત આવે, અત્યંત દુઃખી જીવોને જંગલમાં જોઈને ચાર શરણાં કરાવે, માર્ગ પૂછે તો મૌન રાખે. જુદો જુદો ધર્મ સંભળાવે.

૧૯. આ લોકની અનુકંપા બંધનું કારણ છે. જ્ઞાનાદિ ત્રણ વગર અન્ય ધર્મ નથી. સાધુ અને શ્રાવકને એ સમાન છે. સાધુને કરણીય છે એ શ્રાવકને પણ કરણીય છે અને સાધુને અકરણીય છે તે શ્રાવકને પણ અકરણીય છે. અમૃત સર્વને સમાન છે.

૨૦. બાંધેલા જીવો છૂટવા ઇચ્છે–તેની અનુકંપા કરે તેને ચોમાસી પ્રાયશ્ચિત્ત આવે અને તેમાં ધર્મ માને તો સમ્યક્ત્વ જાય.

૨૧. જીવોને બાંધે–બંધાવે તો સંયમ જાય, પચ્ચખ્ખાણ ભાંગે.

૨૨. સાધુ કોઈનું જીવવું–મરવું ચાહે નહિ. સાધુને તો મુક્તિની રટ લાગી હોય.

૨૩. ગૃહસ્થના ઘરમાં લાય–આગ લાગી છે, ઘરમાંથી બહાર નીકળી શકાતું નથી, બળતા જીવો ચીસ પાડે છે, તોપણ સાધુ કમાડ ઊઘાડે નહિ.

૨૪. દ્રવ્યથી ને ભાવથી લાય લાગી છે, તેમાં કોઈ વૈરાગી હોય તો તેને ઉપદેશ આપીને સમજાવે, એની અનુકંપા કરે. જન્મ-મરણની લાયથી બચાવે અને તેનું કાર્ય સાધી આપે. અનુકંપા કરવાથી દંડ આવે.

[ ૧૫થી ૨૪ સુધીમાં કહેલી કેટલીક વાતો મુનિઓના પરિચયમાં આવતા જીવોને મન ઉપર અસર કરી જાય એવી છે. પણ જ્યારે એ વાતો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવામાં આવે ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની જડતા માટે ખેદ થાય એવી છે. તેમાં સાધુને અંગે કહેવાયેલું ગૃહસ્થને માટે પણ સમાન છે એ ખૂબ જ ભયંકર છે. લાભ અને ગેરલાભ એમ કરણીમાં હોય છે. સાધુની ઉચ્ચ-કરણી એકાંત લાભની હોય છે. એ કરણીમાં લીન બનીને રહેલા મુનિને માટે ઉપર જણાવેલી કરણીઓ લાભમાં હાનિ કરનાર છે ને તેવી કરણીમાં રસ જન્મે તો ઉચ્ચ કરણી સાધી શકાય નહિ. એટલે ઉચ્ચ કરણીની સાધના તરફ લક્ષ્ય સતત જાગૃત રહે માટે સાધુઓએ આવા પ્રસંગો તરફ લક્ષ્ય આપવું નહિ—અને અપાઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરવું, કે જેથી પાછું મૂળ લક્ષ્ય સ્થિર થઈ જાય. પણ શ્રાવક સાવદ્ય પ્રવૃત્તિમાં રહેલો છે. તેના કાર્યો સાવદ્ય છે ને તેમાં તરતમતા છે. શ્રાવકના સાવદ્ય કાર્યોમાં મહાસાવદ્યવાળા, અલ્પસાવદ્યવાળા એવા ભેદો પાડવા જરૂરી છે. સાવદ્ય હોવા છતાં લાભ અપાવનારા, ઓછો લાભ થાય એવા, મોટો લાભ થાય એવા; એ પ્રમાણે પણ વિભાગ કરવો આવશ્યક છે. તેમાં લાભાલાભની વિચારણાપૂર્વક કાર્ય કરવામાં આવે ને લાભ વિશેષ હોય અને અલાભ થોડો હોય તો પરિણામે લાભ જ બાકી રહે છે. એવાં કાર્યોને સાવદ્ય ગણાવીને અકરણીય બતાવવા એ મૂઢતા છે. ]

૨૫. સિંહ, વાઘ આદિ હિંસક જીવો ઘણા દેખીને તેને મારવાનું કહે તો પ્રથમ મહાવ્રત ભાંગે, અને એને કોઈ મારતો હોય તો તેને કહે કે 'ન માર' તો સાધુને ત્રીજે કરણે હિંસા–હિંસાનુમોદનરૂપ હિંસા લાગે, એમ સૂયગડાંગમાં કહ્યું છે.

૨૬. આ લોક, પરલોક, જીવન, મરણ અને કામભોગ એ પાંચને ઇચ્છવામાં અતિચાર લાગે. પોતાના ઇચ્છે એમાં પણ પાપ લાગે છે તો પારકાનો સન્તાપ કોણ ઘરમાં ઘાલે, જીવવું–મરવું ઇચ્છે એ અજ્ઞાની–અને જીવવું–મરવું ન ઇચ્છે એ સુજ્ઞાની.

૨૭. પવન, પાણી, શીત અને તાપ રહે યા ન રહે, રાજવિરોધ ટળે, સુકાળ થાય, ઉપદ્રવ ટળે એ સાતને સમતાવંત મુનિ ઇચ્છે નહિ. આવી ઇચ્છાઓ કરવી એ રાગદ્વેષની પરિણતિ છે એમ દશવૈકાલિકમાં કહ્યું છે.

૨૮. સાધુ નાવમાં બેઠા છે, નાવ ફૂટી છે, તેને છિદ્ર પડ્યું છે ને ત્યાંથી નાવમાં પાણી ભરાય છે. બીજા કોઈને એની ખબર નથી અને સાધુને ખબર છે, જો એ છિદ્ર કે ફાટ સાધુ બતાવે તો તેના વ્રતમાં ભાંગો લાગે. આચારાંગમાં આ વાત છે.

[ સૂત્રને નામે કહેવાયેલી ઉપરની વાતો કેટલી ગેરસમજ ઊભી કરે છે એ સ્પષ્ટ જણાય એવું છે. સિંહ વગેરેને કોઈ મારતું હોય ને તેને અટકાવવો એમાં પણ સાધુને દોષ? સૂત્રને નામે આવી વાતો કરવી તે યોગ્ય નથી. કોઈ પણ સંસારી આત્માઓના જીવન–મરણ ઇચ્છવા, તેઓ સાંસારિક સુખો ભોગવે એવા પ્રયત્નો કરવા એ જુદી વાત છે અને દયા એ જુદી વાત છે. દયા–અનુકંપા એ અન્તરંગ ભાવ છે, તેમાં સામાનું દુઃખ દૂર કરવાની ભાવના હોય છે. એ ભાવનાને જો પાપ ગણવામાં આવે તો સુકૃત જેવું કાંઈ રહેશે નહિ. બીજું આ પ્રમાણે જો તે તે પ્રવૃત્તિઓ ઇચ્છા વગર ન થઈ શકે એમ હોય તો પોતે—સાધુ જે ખાનપાનાદિ પ્રવૃત્તિઓ કરે છે તે પણ ઇચ્છાયુક્ત નહિ સંભવે અને તેને પણ સાવદ્ય ગણાવીને તેનો નિષેધ પ્રાપ્ત થશે. એટલે વિવેક કરવો આવશ્યક છે. એકની એક પ્રવૃત્તિ કરતાં એક મહાકર્મનો બંધ પાડે અને બીજો મહાનિર્જરા કરીને ઊંચે જાય. ]

[ ક્રમશઃ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉડિસાનાં મંદિરો

લેખક : પૂ. મુનિરાજ શ્રી. દર્શનવિજયજી ત્રિપુટી

**આ**જથી અઢી હજાર વર્ષ પહેલાં વૈશાલીમાં ગણતંત્ર રાજ્ય હતું, તેનો અધ્યક્ષ ચેડામહારાજા હતો. તેને શોભન વગેરે અનેક પુત્રો હતા, ૭ પુત્રીઓ હતી. એ લિચ્છવી વંશનો હતો અને જૈન હતો. વૈશાલીના લિચ્છવીઓ ભગવાન પાર્શ્વનાથની શાસનપરંપરાના જૈન હતા. આ સમયે કલિંગમાં **સુલોચન** રાજા હતો, તે પણ જૈન હતો. તેના રાજ્યકાળમાં કુમરગિરિ અને કુમરીગિરિ ઉપર ભ૦ ઋષભદેવનું મંદિર બન્યું હતું તેમાં સુવર્ણની જિન-પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી અને દશ–અગિયાર જૈન ગુફાઓ બની હતી. એ રાજાને સંતાનમાં માત્ર એક પુત્રી હતી જે ચેડામહારાજાના પુત્ર **શોભનરાજ** સાથે પરણાવી હતી.

મગધરાજ અજાતશત્રુએ ચેડામહારાજાને જીતી વૈશાલીનો નાશ કર્યો એટલે શોભનરાજ તો કલિંગ ચાલ્યો ગયો અને તેના બીજા ભાઈઓ નેપાળ તથા તિબેટ ચાલ્યા ગયા. લિચ્છવી શોભનરાજ રાજા સુલોચનના મરણ બાદ કલિંગનો રાજા બન્યો. તેના વંશજોએ ત્યારથી ૪૦૦ વર્ષ સુધી કલિંગનું રાજ્ય કર્યું છે, જેમાં ચંડરાજ, ક્ષેમરાજ, વુડ્ઢરાજ, ભીખુરાજ–ખારવેલ, વક્રરાજ અને વિદુહરાજ વગેરે રાજાઓ વિશેષ ઉલ્લેખનીય છે.

કલિંગનું આધુનિક નામ **ઉડિસા** છે. કલિંગનું પાટનગર **કનકપુર** હતું, જેનાં બીજાં નામો ભોગપુર અને ભુવનેશ્વર મળે છે. જગન્નાથપુરી પણ તેનો ઉપવિભાગ છે. અહીં વિશાલ રાજવિહાર હતો જે તીર્થરૂપ હતો.

પાટલીપુરનો રાજા આઠમો નંદ ચંડરાજના સમયમાં કલિંગ ઉપર ચડી આવ્યો, અને ભગવાન ઋષભદેવની સુવર્ણ પ્રતિમાને પાટલીપુર લઈ ગયો. સમ્રાટ અશોકે પણ વી. નિ. સં. ૨૩૯માં કલિંગ પર ચડાઈ કરી ક્ષેમરાજને હરાવી બહુ મોંઘો વિજય મેળવ્યો હતો. વુડ્ઢરાજે કુમારગિરિ તથા કુમારીગિરિ ઉપર ૧૧ જૈન ગુફાઓ કોતરાવી હતી. ભીખુરાજ **ખારવેલે** પાટલીપુરના શૃંગરાજ પુષ્પમિત્રને નસાડી પોતાની ધાક બેસાડી હતી. અને આઠમો નંદરાજા ભગવાન ઋષભદેવની જે સુવર્ણપ્રતિમાને લઈ ગયો હતો તેને પાછી લાવી કુમારગિરિ પર વિરાજમાન કરી હતી.

એવો પણ ઉલ્લેખ મળે છે કે, ચૌદ પૂર્વધર આ. ભદ્રબાહુસ્વામી વી. નિ. સં. ૧૭૦માં કુમારગિરિ પર પ્રતિમા ધારણ કરી સ્વર્ગે ગયા છે. આ. સુસ્થિત, આ. સુપ્રતિબદ્ધે આ ગિરિ પર ધ્યાન જમાવી સૂરિમંત્રનો એક ક્રોડવાર જાપ કર્યો છે. અને આ. વજ્રસ્વામીએ (બીજા ભદ્રબાહુસ્વામી) પણ પુરીમાં ચોમાસું રહી બૌદ્ધ રાજાને જૈન બનાવ્યો છે.

કલિંગમાં આ ૬૦૦ વર્ષના ગાળામાં સેંકડો જૈન મંદિર બન્યો છે, ઘણી ગુફાઓ બની છે, તીર્થ સ્થપાયાં છે. શિલ્પ તથા વિવિધ કળાનો ઉત્કૃષ્ટ વિકાસ થયો છે. એકંદરે જૈન ધર્મ કલિંગમાં વર્ષો સુધી ફૂલ્યોફાલ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બૌદ્ધ ધર્મ સમ્રાટ અશોકના સમયમાં કલિંગમાં આવ્યો. તેણે પણ અહીં બૌદ્ધ મંદિરો બનાવ્યા, ગુફાઓ બનાવી.

વૈદિક ધર્મશાસ્ત્ર તો કલિંગમાં જવામાં પાપ માનતાં હતાં, કલિંગમાં જઈ આવનારને પ્રાયશ્ચિત્ત આપતા હતાં. કારણ? ત્યાં જનાર જૈન ધર્મથી પ્રભાવિત થઈ આવતો હતો. પરંતુ વૈદિક ધર્મે પણ ધીમેધીમે ત્યાં પ્રવેશ કર્યો, અને વિક્રમની આઠમી શતાબ્દીને છેડે તો એજ કલિંગ શંકરાચાર્યની જેહાદથી વૈદિક ધર્મનું કેંદ્ર બની ગયો. ત્યારથી અહીં શૈવધર્મ, વૈષ્ણવ-ધર્મ અને શાક્તધર્મનું પ્રાબલ્ય વધ્યું છે. ધર્મનો સંઘર્ષ ઊઠતાં બૌદ્ધો ભારત છોડી ભારતની બહાર ચાલ્યા ગયા. અને જૈનો પૂર્વભારત છોડી મધ્યભારત—પશ્ચિમ ભારતમાં ચાલ્યા ગયા. શૈવોએ તેઓના મંદિરોને પોતાનાં ધર્મસ્થાન બનાવી દીધાં. ત્યારથી જગન્નાથનું મંદિર જૈન-તીર્થ મટી શૈવધામ બન્યું છે, લિંગરાજનું મંદિર પણ જૈન મંદિર મટી શિવ, નંદી અને ગરુડના મિશ્ર સંકેતવાળું બની ગયું છે.

જૈન, બૌદ્ધ, શૈવ અને વૈષ્ણવોનાં હજારો મંદિરો આજે કલિંગમાં વિદ્યમાન છે.

શ્રી. **રાધેશ્યામ** પુરોહિત જણાવે છે કે, ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ધર્મોનો મોટો હાથ છે. એથી અસંખ્ય મંદિરોનું નિર્માણ થયું છે. આ મંદિરો દૂરદૂરના યાત્રિકોની ભક્તિને ભરપૂર બનાવે છે, એ જ રીતે શિલ્પકળા, સ્થાપત્યકળા અને ઇતિહાસના પ્રેમીઓને પોતાની તરફ આકર્ષી નવી નવી પ્રેરણા આપે છે. સરકારી આંકડા પ્રમાણે ભુવનેશ્વરમાં ૫૦૦ મંદિર વિદ્યમાન છે. ભારતમાં બીજા કોઈ સ્થાને આટલાં મંદિરો નથી. આ મંદિરોમાં કોરણી તથા નકશી વિશાળ પ્રમાણમાં મળે છે, જેને જોતાં ઉડિસાની પ્રાચીન કળા તથા સંસ્કૃતિનો સુંદર પરિચય મળે છે. પુરાણા ભુવનેશ્વરની પાસે જ નવું ભુવનેશ્વર આધુનિક ઢંગથી વસી રહ્યું છે, જે આજે ઉડિસાની રાજધાની છે. અહીં બે હજાર વર્ષ પહેલાં જૈનોએ **મંદિર** બનાવ્યાં છે, જેમાંના ઘણાં તો આજે પણ પોતાની પવિત્રતાની સાક્ષી આપી રહ્યાં છે. અત્રેની જનતા માને છે કે, બ્રાહ્મણોએ પણ જૈનોની દેખાદેખી મંદિર બનાવી મંદિરોની સંખ્યામાં વધારો કર્યો છે. 'ઉદયગિરિ અને ખંડગિરિ **શ્વેતામ્બર** જૈનોનું તીર્થસ્થાન છે.' ધોળી પહાડી પર અશોકનો બ્રાહ્મી લેખ છે. ભુવનેશ્વરના મંદિરો મુખ્યતયા પાંચ **કાળવિભાગમાં** વહેંચી શકાય છે. જેમાં શત્રુઘ્નેશ્વર, પરશુરામેશ્વર વગેરે મંદિરો પ્રાચીન છે, પુષ્પગિરિ, ઉદયગિરિ, લલિતાગિરિ, અને રત્નગિરિ ઉપરનાં મંદિરો ભૌમકાલીન છે. બ્રહ્મેશ્વરનું મંદિર ભુવનેશ્વરથી ૧ માઈલ દૂર છે જે સોમવંશી રાજા ઉદ્યતકેસરીની માતાએ બનાવેલ છે. આ મંદિર અને લિંગરાજનું મંદિર એકકાલીન છે કેમકે બન્નેની કોરણી વગેરેમાં ઘણી સામ્યતા છે, ગંગવંશી રાજાઓના ૩૦૦ વર્ષના રાજ્યકાળમાં બન્યાં છે. અનન્તવાસુદેવ, પાર્વતી, રાજારાણી, મેઘેશ્વર, ભાસ્કરેશ્વર વગેરે મંદિર વાસ્તુકલાથી વધુ પરિચિત છે.

('ભુવનેશ્વરકે મંદિર' તા. ૧૭–૧૦–૧૯૫૫, નવભારત ટાઈમ્સ, દિલ્હી.)

બ્યોહાર **રાજેન્દ્રસિંહ** (જબલપુર) જણાવે છે કે, ઉડિસાની સ્થાપત્યકલા તથા મૂર્તિ-કળાના ઉત્કૃષ્ટ નમૂના **પુરી**, ભુવનેશ્વર, કોણાર્ક મંદિર અને **ઉદયગિરિ**ની ગુફાઓમાં મળે છે.

ઉદયગિરિ તથા ખંડગિરિની ગુફાઓ ઈ. સ. પૂર્વે ચોથી–પાંચમી સદીમાં બની છે, જેમાં પ્રસિદ્ધ સમ્રાટ **ખારવેલ**નો શિલાલેખ પણ મળે છે. જે લેખ ઇતિહાસમાં બહુ કીમતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનાયો છે. ગુફાઓમાં જૈન, બૌદ્ધ તથા શૈવમતની ઘણી મૂર્તિઓ છે. ખંડગિરિમાં અધિકાંશ ભગવાન મહાવીરની મૂર્તિઓ છે. રાણીગુફામાં વિવિધ દશ્યોનું ચિત્રણ છે, દરેકમાં સજીવ જેવું કલાંકન છે. ભુવનેશ્વરનાં મંદિરો (૧) શ્રમણકાળ, (૨) ભૌમકાળ, (૩) સોમવંશકાળ, (૪) કેસરીવંશકાળ અને (૫) ગંગવંશકાળ એમ પાંચ કાળવિભાગમાં બનેલાં છે. ભુવનેશ્વર તો મંદિરોનું નગર છે. ત્યાંના પંડ્યાઓ માને છે કે, અહીં એક લાખ મંદિરો છે, પરંતુ ૧ હજાર મંદિરો તો હશે જ. વગેરે વગેરે.

( "ઉડિસાકી મૂર્તિકલા" તા. ૧-૧-૧૯૫૬ રવિવાર; હિન્દુસ્તાન, દિલ્લી )

એકંદરે સૌ કોઈ જાણે છે કે, કલિંગ-ઉડિસામાં જે મંદિરો છે તેમાં જૈનધર્મનો મોટો ફાળો છે. ઘણાં મંદિરો બીજા ધર્મશાસકોના હાથે પલટાઈ ગયા છે છતાં તેમાંની કોઈ કોઈ વિશિષ્ટ ઘટના તેના અસલી સ્વરૂપની ઝાંકી કરાવે છે.

ભુવનેશ્વર અને તેની આસપાસમાં નીચે દર્શાવેલ સ્થાનો વધુ પ્રસિદ્ધ છે.

(૧) **ઉદયગિરિ-ખંડગિરિ :** એ શ્વેતાંબર જૈનોનું પ્રાચીન તીર્થસ્થાન છે. જૈનરાજા ખારવેલે અહીં ધોળી પહાડી-હાથી ગુફામાં બ્રાહ્મીલિપિમાં-પ્રાકૃતભાષામાં મોટો લેખ કોતરાવ્યો છે, જેમાં પોતાના રાજ્યકાળની ૧૩ વર્ષની કાર્યવાહી વર્ણવી છે. આ લેખે ઇતિહાસ ઉપર સુંદર પ્રકાશ પાડ્યો છે. ઉદયગિરિમાં ૪૪ અને ખંડગિરિમાં ૨૧ ગુફાઓ મળી છે. એકેક પથ્થના સીધમાં એક સાથે સાતસાત આઠઆઠ ગુફાઓ કોરી કાઢેલ છે. ગુફાની બહારની દીવાલો પર વિવિધ ચિત્રો છે. રાણીગુફામાં તો મનુષ્ય, સ્ત્રી, પશુ, પક્ષી, વૃક્ષ, વેલ, ફૂલ, પાન, પૂજા, ભક્તિ, નૃત્ય, શૃંગાર, યુદ્ધ વગેરેની એવી આકૃતિઓ ચીતરી છે કે જોનારને તે તે વસ્તુઓ હુબહુ લાગે છે.

(૨) **ભુવનેશ્વર :** ભુવનેશ્વરનું આ મુખ્ય મંદિર છે જેનું બીજું નામ લિંગરાજ પણ છે. તેનું કંપાઉંડ ૫૨૦ ફૂટ લાંબું, ૪૬૫ ફૂટ પહોળું છે. ચારે બાજુ કિલ્લો છે. તેમાં **વિમાન,** જગમોહન, નટમંડપ અને ભોગમંડપ એમ ચાર વિભાગ છે. વિમાન વિભાગ ૧૪૭ ફૂટ ઉંચો છે. તે પ્રાચીન છે. જગમોહન તથા નટમંડપ ત્યારબાદ બન્યો છે અને ભોગમંડપ ગંગરાજાઓના કાળમાં બન્યો છે. ભુવનેશ્વર તથા કોણાર્ક મંદિરમાં સ્થાપત્યકળા તથા મૂર્તિકળા અદ્ભુત છે.

ભુવનેશ્વરનું મંદિર અસલમાં જૈન મંદિર છે. આ મંદિરના શિવલિંગ, જલહરી અને ગભારાનો શિલ્પશાસ્ત્રોક્ત ગણિત પ્રમાણે મેળ મળતો નથી, આથી ઘણા સ્થાપત્યવિદો માને છે કે, આ મંદિર આ શિવલિંગનું નથી, શિવલિંગ પાછળથી અકસ્માત સ્થાપિતકર્યું હોય એમ ભાસે છે. ભોગમંડપ વગેરે પાછળથી વધાર્યા છે એ પણ એ જ વાતની સાક્ષી આપે છે. લિંગરાજ મંદિરની મુખ્ય મૂર્તિ શાલિગ્રામ-શિલા જેવી મનાય છે. સભામંડપમાં તેની સામે નંદી તથા ગરુડ વગેરેની મૂર્તિઓ બેસાડી છે. આ મંદિરની દીવાલમાં ઘણી અશ્લીલ મૂર્તિઓ (કોરણી) છે. સુધારકો તેને ભરી દેવા કે તોડી નાખવા ઇચ્છે છે. આમાં કોઈ રાજા કે મહાપુરુષની જીવનઘટના અંકિત છે, પણ તે કોની છે તે સમજી શકાતું નથી. આ ચિત્રો પુરીના ચિત્રો કરતા નાનાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) **જગન્નાથ :** એનું બીજું નામ જગદીશ મંદિર છે. આ મંદિર ૨૧૪ ફૂટ ઊંચું છે. આ મંદિર અસલમાં લિચ્છવી રાજવંશનું જૈનમંદિર છે, તેમાં ગાદી ઉપર પદ્માસનવાળી ૩ જિનપ્રતિમાઓ વિરાજમાન છે, મુખ્ય પ્રતિમા પારસપાષાણની હોવાનું મનાય છે, આજે તેની ઉપર ચાર ભુજાવાળું લાકડાનું ખોળું ચડાવી રાખે છે. આથી આ જિનપ્રતિમા છે, એવો ખ્યાલ દરેકને જલદી આવતો નથી. જેને જિનપ્રતિમાનું જ્ઞાન છે તે તો આ પ્રતિમાઓને જોઈને કબૂલે છે કે—

આ **જૈન તીર્થંકરની પ્રતિમાઓ** છે. આ લાકડાનું ખોળું સાડાબાર વર્ષે બદલાવાય છે. જનતાને વહેમ છે કે, આ ખોળું બદલનાર મંદિરનો અધ્યક્ષ, મંદિરનો મોટો પૂજારી અને સુતાર **છ મહિનામાં મરી જાય છે.** હમણાં આ ખોળાને પચ્ચીશ વર્ષ વીતી ગયા છે, તેનું કારણ પણ આ વહેમ જ મનાય છે.

અહીં વિશેષ ધ્યાન ખેંચે એવી ઘટના છે "જગન્નાથનો ભાત." જૈનોના સાધર્મિક સહકાર જમણનું પ્રાચીન કાળથી ચાલ્યું આવતું અખંડ અનુકરણ છે. આ ભાતમાં આભડછેટ મનાતી નથી.

એ ત્રણ પ્રતિમાઓ તીર્થંકરોની છે, જેને લોકો આજે કૃષ્ણ, બળદેવ અને સુભદ્રા (રુક્મિણી) નામથી ઓળખે છે.

આ મંદિરમાં અનંગભીમદેવ (સં. ૧૧૮૯ થી ૧૨૨૩)ના સમયમાં વિમલાદેવી તથા લક્ષ્મીદેવીનાં મંદિર, પુરુષોત્તમદેવ (સં. ૧૪૬૫ થી ૧૪૭૫)ના સમયમાં ભોગમંડપ, તથા પ્રતાપરુદ્ર (સં. ૧૪૭૫ થી ૧૫૩૨)ના સમયમાં નવો જગમોહન બન્યો છે. આ મંદિરમાં અનેક મૂર્તિઓ છે. નરસિંહ, વિમલાદેવી અને શ્રીદેવીની મૂર્તિઓ સુડોલ અને સજીવ છે.

જગન્નાથ, ભુવનેશ્વર અને કોણાર્કના મંદિરમાં સ્ત્રીપુરુષોની ખોદેલી મૂર્તિઓ છે, વચ્ચે વચ્ચે હાથીનાં માથા ઉપર સજાવટવાલા સિંહની પણ મૂર્તિઓ બેસારી છે. ઉડિસાની આ એક વિશેષ કળા મનાય છે. આનું અસલી કારણ એ જ છે કે લિચ્છવી રાજવંશનું રાજચિહ્ન **સિંહ** છે, અને ભગવાન શ્રીમહાવીરસ્વામીનું લાંછન પણ **સિંહ** છે.

આ મંદિરમાં ઘણી અશ્લીલ મૂર્તિઓ છે, જે લાલ પથ્થરમાં મોટા આકારથી ખોદેલી છે. એમાં કોની જીવનઘટના અંકિત છે તેનું કોઈને જ્ઞાન નથી. નીતિમાન ભક્તો તેને ઢાંકી દેવાના પક્ષમાં છે. કોઈ કોઈ તેને ઉમા-મહેશ્વરનું પ્રતીક કે શાક્ત સંસ્કૃતિ માની તેની રક્ષાના પક્ષમાં છે. સંભવ છે કે રાણકપુર તીર્થમાં દૂરના એક ત્રીજા મંદિરની દીવાલમાં આ. સ્થૂલિભદ્રસૂરિની જીવનઘટના અંકિત છે, તેમ અહીં પણ કોઈની જીવનઘટના અંકિત થઈ હશે. જૈન, બૌદ્ધ તથા વૈદિક પુરાણોના અભ્યાસી જ તેનો સાચો ખુલાસો કરી શકે.

(૪) **કોણાર્ક મંદિર :** પુરીથી ઈશાન ખૂણામાં ૨૦ માઈલ દૂર સમુદ્રકિનારે સૂર્યમંદિર છે જે અંગ્રેજીમાં બ્લેક-પેગોડા તરીકે પ્રસિદ્ધ છે.

આ મંદિરની ઊંચાઈ ૨૨૭ ફૂટ છે, કંપાઉંડ ૮૭૫ ફૂટ લાંબું, ૫૪૦ ફૂટ પહોળું છે. ગંગવંશના રાજા નરસિંહે (સં. ૧૨૩૮ થી ૧૨૬૪) ૨૬ વર્ષ સુધી ૧૨૦૦ કારીગરો રોકી ૪૦ કરોડના ખરચે આ મંદિર બનાવ્યું છે, જે અત્યારે તૂટીફૂટી હાલતમાં ઊભું છે. ભારતમાં ૧ કાશ્મીરનું માર્તંડ મંદિર અને ૨ કોણાર્કનું મંદિર એમ બે સૂર્યમંદિરો છે.

[ જુઓ અનુસંધાન પૃષ્ઠ ૨૨૦ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દિક્પટ ચૌરાસી બોલ પ્રત્યુક્તિ: [1](૮૪ બોલવિચાર) રેખાદર્શન

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**મતભેદમાંથી મનોભેદ**—જૈન ધર્મના અનુયાયીઓના મુખ્ય બે વર્ગ ગણાય છે, શ્વેતાંબર અને દિગંબર. એ બંનેનાં એવાં કેટલાંક મંતવ્યો છે કે જેમાં એકબીજા ભિન્ન મત ધરાવે છે. પ્રારંભમાં આવાં મંતવ્યોની સંખ્યા બહુ ઓછી હશે, પરંતુ ધીરે ધીરે મતભેદમાંથી મનોભેદ જેવી વૃત્તિએ જોર પકડયું હશે ત્યારે નાની નાની બાબતોને પણ મહત્ત્વની ગણવાનો વારો આવ્યો હશે. ગમે તેમ પણ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય યશોવિજય ગણીના સમયમાં શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે ૮૪ બાબતોમાં ભિન્ન ભિન્ન મત પ્રવર્તતા હતા. એનું દિગ્દર્શન ઉપર્યુક્ત ન્યાયાચાર્યની એક કૃતિ કરાવે છે. એની આછી રેખા હું આ લેખમાં આલેખું છું.

**નામ**—ગ્રંથકારે સ્પષ્ટ શબ્દોમાં આ કૃતિમાં એનું નામ દર્શાવ્યું નથી એથી કરીને હાથપોથીઓ તેમ જ એનાં પ્રકાશનો ઉપરથી આપણને આ કૃતિનાં નામ જાણવા મળે છે. આ નામોમાં એકવાક્યતા નથી એટલે મારે શીર્ષકમાં સૂચવાયા પ્રમાણેનું નામ યોજવું પડયું છે. એમાં 'દિક્પટ' અંશ કર્તાએ "દિગંબર" માટે કરેલા પ્રયોગને આભારી છે.

**હાથપોથીઓ**—**જૈન ગૂર્જર કવિઓ** (ભાગ ૩, ખંડ ૨, પૃ. ૧૧૧૫)માં ચાર હાથપોથીઓને અંગે નીચે મુજબ નોંધ છે:—

"(૧) ઇતિ શ્રી દિગંબરોક્ત ચતુરશીતિ વાકચરચનોત્થાપક સ્વેતાંબર મતથાપક ઉપાધ્યાય શ્રી જશોવિજયગણિ વિરચિતાયાં ચતુરશીતિ બોલરચના સમાપ્ત. સં. ૧૭૮૪નો એક ચોપડો જશ.

(૨) પત્ર ૬ નં. ૩૦૪ અભય.

(૩) સં. ૧૭૬૪ શિ૦ પ્રીતિવિલાસ શિ૦ ભીમવિજય શિ૦ પુન્યવિજય લિ. પત્ર ૯ પો. ૬૨, દાન.

(૪) ઇતિ શ્રીમજ્જૈનમતોદ્યોતદિક્પટ્ટ કપટ્ટવિનાશનૈકવાદપ્રત્યુત્તરચંદ્રિકા સમાપ્તા સં. ૧૭૯૮ માઘ વદી ૬ શુક્રે લિ૦ ખંભાતિ બંદરેયં. પત્ર ૭ નં. ૨૧૮ સને ૧૮૭૧–૭૨ ભાં. ઇ.

**પ્રકાશન**—છંદોનાં નામ સહિત પ્રસ્તુત કૃતિ **પ્રકરણ રત્નાકર** ભા. ૧, પૃ. ૭૬૬–૭૭૫)માં ઈ. સ. ૧૮૭૬માં પ્રકાશિત કરાઈ છે.

**ગૂર્જરસાહિત્યસંગ્રહ**નો પ્રથમ વિભાગ ઈ. સ. ૧૯૩૬માં છપાવાયો છે. એમાં લગભગ અંતમાં પૃ. ૫૭૨–૫૯૭માં આ કૃતિ થોડાંક ટિપ્પણ, છંદોનાં નામ અને વિષયોનાં શીર્ષક સહિત છપાવાઈ છે. આમ આ કૃતિ બે સ્થળેથી પ્રકાશિત થઈ છે. તેમાં **પ્રકરણ-રત્નાકર** ભા. ૧, પૃ. ૭૬૬)માં એનું નામ પ્રારંભમાં નીચે મુજબ અપાયું છે—

"**अथ श्री दिवपट चोराशी बोल प्रारंभ**"

---

૧. કૌંસગત શીર્ષક યશોવિજય ગણીના જેસલમેરના કાગળને આધારે મેં દર્શાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૂ. સા. સં. ના પ્રથમ વિભાગ (પૃ. ૫૭૨) માં "શ્રી દિક્પટ ચોરાશી બોલ" એવું નામ નજરે પડે છે, જ્યારે પૃ. ૫૯૭ની પુષ્પિકામાં "શ્રી દિક્પટ ચોરાશી બોલ પ્રત્યુક્તિઃ" એ પ્રમાણે નામ નિર્દેશાયું છે. અહીં જે "પ્રત્યુક્તિ" શબ્દ છે તે મહત્ત્વનો હોવાથી મેં નામકરણમાં એને સ્થાન આપ્યું છે.

**ભાષા**—પ્રસ્તુત કૃતિની ભાષા 'હિન્દી' છે. તેમ છતાં આ કૃતિ જાણે ગુજરાતીમાં ન હોય તેમ એને [૨]ગૂ. સા. સં.માં તેમજ બીજાં પણ કેટલાંક પ્રકાશનોમાં ગુજરાતી કૃતિ તરીકે સ્થાન અપાયું છે.

**પદ્યસંખ્યા**—આ કૃતિમાં ગૂ. સા. સં. પ્રમાણે ૧૬૧ પદ્યો છે, જ્યારે કોઈક હાથપોથીમાં તેરમું પદ્ય નહિ હોવાનો ઉલ્લેખ છે એટલે એ હાથપોથીમાં ૧૬૦ પદ્યો હશે.

**છંદ**—આ કૃતિ જાતજાતના છંદોમાં રચાયેલી છે. એનાં નામ અને એને લગતાં પદ્યોના અંક તેમજ તે તે પદ્યની કુલ સંખ્યા હું નીચે મુજબ દર્શાવું છું:—

અડલ્લ (અરિલ્લ) ૫૫, ૭૭–૭૯. [૪]

ચોપાઈ ૨૪–૩૨, ૯૩–૧૦૧. [૧૮]

છપ્પય ૧, ૧૯. [૨]

દોહરો ૩–૧૧, ૧૩–૧૭, ૨૦–૨૩, ૩૪–૩૯, ૪૬–૫૪, ૫૬–૬૯, ૭૨–૭૫, ૮૦–૮૭, ૧૦૩–૧૪૧, ૧૪૪–૧૫૧, ૧૫૩–૧૬૧. [૧૧૫]

સવૈયો ૨, ૧૨, ૧૮, ૩૩, ૪૫, ૭૦, ૭૧, ૭૬, ૧૪૨, ૧૫૨. [૧૦]

સોરઠી દોહરો ૮૮–૮૯, ૧૦૨, ૧૪૩. [૪]

સોરઠો ૪૦, ૯૦–૯૨. [૪]

હરિગીત (ગીતા) ૪૧–૪૪. [૪]

**ઉદ્ભવ**-પ્રસ્તુત કૃતિનો ઉદ્ભવ હેમરાજ પાંડેએ શ્વેતાંબર મતની સમીક્ષારૂપે કરેલી પ્રરૂપણાને આભારી છે એમ ૧૫૮મું પદ્ય જોતાં જણાય છે. એ દિગંબર પંડિતે શ્વેતાંબરોથી દિગંબરો ૮૪ બાબતમાં જુદા પડે છે એમ જોરશોરથી પ્રતિપાદન કર્યું છે. આ જાતની એમની કૃતિ ઉપરથી એના પ્રત્યુત્તર રૂપે શ્વેતાંબરોને ઉદ્દેશીને પ્રસ્તુત કૃતિ યોજાઈ છે. એ હેમરાજ પાંડે તે કોણ એ વિષે થોડુંક કહીશ. એમને વિષે [૩]हिन्दी जैन साहित्य का संक्षिप्त इतिहास (પૃ. ૧૩૧ અને ૧૭૦–૧૭૧)માં નીચે મુજબની હકીકત અપાઈ છે. એમનો સમય આશરે વિ. સં. ૧૬૭૫થી લગભગ વિ. સં. ૧૭૨૫ સુધીનો છે. એમની પત્નીનું નામ ઉપગીતા હતું. એણે એક કન્યાને જન્મ આપ્યો હતો. એનું નામ જૈની રખાયું હતું. એને એના પિતા હેમરાજે ભણાવી ગણાવી વિદુષી બનાવી હતી. એનાં લગ્ન નંદલાલ સાથે કરાયાં હતાં. એ

૨. યશોવિજય ગણીની કેટલીક હિંદી કૃતિઓ પણ અહીં અપાઈ છે તે આ સંગ્રહનાં નામ જોતાં સમુચિત ન ગણાય.

૩. આના લેખક શ્રી. કામતાપ્રસાદ જૈન છે અને આ પુસ્તક "ભારતીય જ્ઞાનપીઠ" કાશીથી ઈ. સ. ૧૯૪૭માં પ્રસિદ્ધ થયું છે. એમાં 'ન્યાયાચાર્ય' યશોવિજય ગણી, વિનયવિજય ગણી અને અધ્યાત્મ-કવિ આનંદઘન વિષે કેટલીક બાબત રજૂ કરાઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નંદલાલના પિતાનું નામ બુલાખીદાસ હતું અને પિતામહનું નામ શ્રવણદાસ હતું. અને એ બંને આગ્રાના રહીશ હતા.

હેમરાજ પાંડેના ગુરુનું નામ રૂપચંદ હતું. એ હેમરાજ પાંડેએ નિમ્ન લિખિત કૃતિઓ રચી છે :—

**ગોમ્મટસારની** વચનિકા } વિ. સં. ૧૭૨૪
**નયચક્રની** વચનિકા }
**પંચાસ્તિકાયની** હિન્દી ટીકા વિ. સં. ૧૭૦૯
**પવયણસાર** „ „
**ભાષાભક્તામર**
**સિતપટ ચોર્યાસી બોલ**

આ પૈકી [4]**ભાષા-ભક્તામર** પ્રકાશિત થયું છે. એ **ભક્તામરસ્તોત્ર**ના હિન્દી ભાષામાં અનુવાદરૂપે રચાયેલી કૃતિના અંતમાં નીચે મુજબનું પદ્ય છે;—

" **भाषाभक्तामर** कियो हेमराज हित हेत ।
जे नर पढै सुभावसूं ते पावै शिवखेत ॥ "

**સિતપટ ચોર્યાસી બોલ** નામની કૃતિ કોઈ સ્થળેથી પ્રસિદ્ધ કરાઈ હોય એમ જણાતું નથી. શ્રી. **ચન્દનસાગર** ગણીએ **દિક્‌પટ ચોર્યાસી બોલ**ની હાથપોથીઓ સુરતમાં ક્યાં ક્યાં છે તેની મારી વિજ્ઞપ્તિ અનુસાર તપાસ કરતાં તેમને આ નામવાળી એક હાથપોથી મળી છે, પણ એ તો હેમરાજ પાંડેની પ્રસ્તુત કૃતિ હોય એમ તેઓ જણાવે છે. એમણે એના પ્રારંભના ચાર પદ્યો અને અંતના છ પદ્યો મને નીચે મુજબ લખી જણાવ્યાં છેઃ—

### अग्र भाग

"सुनयपोष हतदोष मोष मुष शिवपददायक,
गुणमणिकोष सुघोष रोषहर तोषविधायक,
एक अनंत सरूप सतवंदित अभिनंदित,
निजनिज सुभाव परभवे भासै अमंदित,
अविदितचरित्रविलसित,
अमित सर्वमिलित अविलिप्त तन,
अविचलितकलिकनिजरसललितजयजिनविदलितकलिलघन ॥ १ ॥

### सवैया इकतीसा

नाथ हिमभूधर तैंनिकसि गणेसचित्र भूपरिविथारि सिवमारग लौंधाइ है ।
परमतवाद मरयाद कूल उन्मूलि अनुकूल मारग सुभा ओढरि आइ है ।

---

૪. આ કૃતિ મૂળ **ભક્તામરસ્તોત્ર** તેમજ એના અનુવાદ રૂપે ( વિજયસિંહસૂરિના શિષ્ય) **દેવવિજયે** વિ. સં. ૧૭૩૦માં હિન્દીમાં પદ્યમાં રચેલી કૃતિ સહિત "શ્રીભક્તામરસ્તોત્ર" એ નામથી **નિર્ણયસાગર** મુદ્રણાલયમાં ઇ. સ. ૧૮૭૭માં છપાવી પ્રસિદ્ધ કરાઈ છે. પ્રકાશકનું નામ અપાયેલું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बुध हंस सेइ पाय मलकौं विधंस करै सरवंस सुमति विकासि वरदाइ है।
सपत अभंग भंग उठै है तरंग जामै असी वानी गंग सरवंग अंग गाइ है ॥ २ ॥

दोहरा

सेतंबर मतकी सुनी जिनतै हेमरयाद।
मलिहिं दिगंबर स्यौं नही जै चौरासीवाद ॥ ३ ॥
तीनकी कछु संक्षेपता, कहिअे आगम जानि,
पढत सुनत जिनकै मिटै, संसय मत पहिंचानि ॥ ४ ॥ "

अन्त भाग

चौपइ

" होहि युगलि घास बळधारी कहै सिलाकपुरुष निहारी,
चौसठि इन्द्र न अधि जामै बारह देवलोक कही मांने ॥ ८५ ॥
जे यादव जिनमारग पखी तिनकौ कहै मांसकौ भखी,
मनुज मानुषोत्तर ते आगै, जाहै कहै तउखतलागै ॥ ८६ ॥
२६ कहै नाही २ कामचउवीस, अरू नवै नवोत्तरै लघु समुद्रमां न तनांही,
अैरापति भरत भजि खित अेक सौ साठिमांहि
चौरासी लख जोनि है, अे चोरासी बोल जे मांनि है ते मांनि है
ते मानि है भवसागरकल्लोल ॥८७॥दो०॥
नगर आगरो मै कोरपाल सग्यान, तस निमित्त कवि हेमनै, किअे कवित्त परवान ॥ ८८ ॥
दोषभावधरि नहि कीयौ कियो न निजमतपोष,
सत्यारथ उपदेश यह करे सुजनसंतोष ॥ ८९ ॥
सत्यारथ वानी प्रगट, घटघट करो उ(द्)द्योत,
संसयतिमिरपटल फटो वद्गीग्यांन सुख होत ॥ ९० ॥
इति **चौरासीबोल** समाप्तः शुभं भवतु: कल्यांणमस्तुः ॥ श्रीः ॥ "

**રચના-સમય ઈત્યાદિ**—" દિક્પટ ૮૦ બોલ પ્રત્યુક્તિ " નામની પ્રસ્તુત કૃતિ ક્યારે ક્યાં યોજાઈ તે વિષે એ કૃતિમાં ઉલ્લેખ નથી એમ એની મુદ્રિત આવૃત્તિઓ જોતાં જણાય છે. આ કૃતિની નોંધ યશોવિજય ગણિએ એમના એક કાગળમાં લીધી છે એ બાબત તેમજ તેઓ વિ. સં. ૧૭૪૫ના અરસામાં સ્વર્ગે સંચર્યા એ બાબત વિચારતાં આ કૃતિ લગભગ ૨૭૫ વર્ષ જેટલી તો પ્રાચીન ગણાય.

**પ્રતિમાશતક**ની સ્વોપજ્ઞ[5] વૃત્તિ સહિતની જે આવૃત્તિ " મુક્તિ-કમલ-જૈન-મોહન-

૫. આ સ્વોપજ્ઞ વૃત્તિની વિ. સં. ૧૭૧૩માં લખાયેલી એક હાથપોથી પાટણના ભંડારમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માલા "માં **વીર** નિ. સંવત ૨૪૪૬માં પ્રસિદ્ધ થઈ છે તેમાં "કિંચિત્ પ્રાસ્તાવિક" (પત્ર ૧૦)માં પ્રસ્તુત કૃતિ[૬] કાશીથી આવતાં રચેલ, એવો ઉલ્લેખ મુનિ (હવે સૂરિ) પ્રતાપવિજયજીએ કર્યો છે. એ માટે એમણે કોઈ આધાર અહીં આપેલો જણાતો નથી. વિશેષમાં એમણે આ કૃતિ "ગુર્જર ભાષા ગ્રન્થાવલિ:"માં નોંધી છે અને કેટલીક પત્રિકાઓના લેખકોએ પણ તેમ કર્યું છે તે ઉચિત નથી. એથી તો યશોવિજય ગણીને [૭]હિંદી કૃતિઓના રચનાર તરીકે જે માન મળવું જોઈએ તેમાં વિક્ષેપ ઊભો થવા સંભવ છે.

**વિષય**—પ્રસ્તુત કૃતિનો પ્રારંભ **વર્ધમાન** નામના જિનેશ્વરની હૃદયંગમ સ્તુતિ દ્વારા કરાયો છે. આ **વર્ધમાન** તે મહાવીરસ્વામી એમ સહજ ભાસે, પણ આ સ્તુતિની રચના એવી છે કે એ **ઋષભ**, **ચન્દ્રાનન**, **વારિષેણ** અને **વર્ધમાન** એમ જે જિનેશ્વરોનાં ચાર શાશ્વત નામ ગણાવાય છે, તેમાંના હરકોઈ **વર્ધમાન** જિનેશ્વરને અંગે ઘટી શકે છે. આ સ્તુતિ બાદ શ્વેતાંબરોના ગ્રંથોની ભૂરિ ભૂરિ પ્રશંસા કરાઈ છે. અને ત્યાર પછી "દિગંબર" મત ક્યારે, કોનાથી અને કેમ ઉત્પન્ન થયો એ હકીકત અપાઈ છે. ત્યાર બાદ આ કૃતિના મધ્યબિન્દુ-રૂપ દિગંબર અને શ્વેતાંબર મતભેદનું વિસ્તૃત નિરૂપણ દાખલા-દલીલ પૂર્વક કરાયું છે. અંતમાં **હેમરાજ** પાંડે તરફથી કરાયેલી પ્રરૂપણાના પ્રત્યુત્તર રૂપે આ કૃતિ યોજાઈ છે, એવો ઉલ્લેખ કરાયો છે.

દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે કઈ કઈ ૮૪ બાબતમાં એકવાક્યતા નથી એ આ કૃતિમાં દર્શાવાયું હશે એમ આપણે એના નામ તેમજ શ્લો. ૩ અને ૧૫૮ જોતાં જણાય છે, પરંતુ એકે પ્રકાશમાં એ બધાં જુદાં તારવેલાં નથી. **ગૂ. સા. સં.** (ભા. ૧)માં જે શીર્ષકો અપાયાં છે તે લગભગ સાઠ બાબતો રજૂ કરે છે. આથી ઊંડા ઊતરીને ૮૪ બોલ હોય તો તે તારવવા પ્રયાસ થવો ઘટે. એ માટે સમયાદિની અનુકૂળતા નહિ હોવાથી હું અત્યારે તો મને જેવું સ્ફુરે છે એવું દિશાસૂચનરૂપે થોડુંક કહું છું:—

(૧) દેવાધિદેવમાં—તીર્થંકરમાં ૧૮ દોષો હોતા નથી એમ તો શ્વેતાંબરો અને દિગંબરો —બંને પક્ષ માને છે, પરંતુ બન્નેની ગણતરીમાં મહત્ત્વનો ફેર છે.

(૨) કેવલીને કવલાહાર હોય છે. (એઓ ભોજન કરે છે.) (શ્વે.)[૯]

---

૬. આ વાત બરાબર હોય તો પ્રસ્તુત કૃતિ 'વાચક' પદ મળ્યા પહેલાંની એટલે કે વિ. નિ. સં. ૧૭૧૮ કરતાં પહેલાંની ગણાય.

૭. "ભારતીય જ્ઞાનપીઠ કાશી" તરફથી ચાલુ વર્ષમાં (ઈ. સ. ૧૯૫૬માં) **નેમિચન્દ્ર** શાસ્ત્રીએ રચેલ **હિન્દી-જૈન-સાહિત્ય-પરિશીલન** પ્રસિદ્ધ થયું છે. એમાં "જસવિલાસ સંગ્રહ"માંનાં પદોનું મૂલ્યાંકન કરાયું છે. અહીં પૃ. ૮૭માં કહ્યું છે કે "**यशोविजयजीके पदोंकी भाषा बडी ही सरस है। आत्मनिष्ठा और वैयक्तिक भावना भी इनके पदोंमें विद्यमान है।**"

૮. હાલમાં મને "દિગંબર (દિક્પટ) ૮૪ બોલ"ની એક હાથપોથી મળી આવી છે. એમાં "દિગંબર ન માને" એવા ઉલ્લેખ પૂર્વક ૮૨ (બે બાબત કોરી જગ્યા રખાઈ છે.) બાબતો ગણાવાઈ છે. એમાં શ્વેતાંબરોને પણ અપવાદરૂપે માન્ય હોય એવી પણ કોઈ કોઈ બાબત જણાય છે. આ હાથપોથી લગભગ સો વર્ષ જેટલી પ્રાચીન લાગે છે. એના અંતમાં નીચે મુજબ ઉલ્લેખ છે:—

"**इति श्री चोराशि ८४ बोल दिगंबर न मानें सो संपूर्ण। लि। पं। हमीरविजय श्रीनिमचरीं छावणी नयरि ॥ १ ॥**"

૯. 'શ્વે.' થી એમ સુચવાય છે કે આ શ્વેતાંબરોની માન્યતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) તીર્થંકરનું શરીર પરમ ઔદારિક હોય છે. એ શરીર સાત ધાતુઓથી વર્જિત હોય છે. ( દિ. )[૧૦]

(૪) જિનના શરીરની સ્થિતિ નોકર્માહારે છે. ( દિ. )

(૫) કેવલીનાં કર્મ બળેલી દોરડી ( રજ્જુ ) જેવાં છે. ( દિ. )

(૬) જિનને ૧૧ પરિષહ હોય છે. ( શ્વે. )

(૭) કેવલજ્ઞાન એ જિનનું ક્ષાયિક સુખ છે. ( દિ. )

(૮) દેવની પ્રેરણાથી તીર્થંકર બેસે અને ઊઠે. ( દિ. )

(૯) કેવલજ્ઞાન મળતાં એ ( જિન ) આકાશમાં આકડાના રૂની પેઠે ભમે છે. ( દિ. )

(૧૦) જિન ( તીર્થંકર ) બોલતા નથી. એમના મસ્તકમાંથી નાદ નીકળે છે. ( દિ. )

(૧૧) શલાકા–પુરુષોને કદી નિહાર હોતો નથી. ( દિ. )

(૧૨) અપ્રમત્ત સાધુને આહાર–વિહાર હોતા નથી. ( દિ. )

(૧૩) માનુષોત્તર પર્વતની બહાર સાધુ જાય તો એમનું વ્રત ભાંગે. ( દિ. )

(૧૪) ભરત ચક્રવર્તીને ગૃહસ્થપણામાં કેવલજ્ઞાન થયું હતું. ( શ્વે. )

(૧૫) ભાવ મુખ્ય નથી; દ્રવ્ય મુખ્ય છે. ( દિ. )

(૧૬) અધિગમ વિના સમ્યક્ત્વ હોય. ( દિ. )

(૧૭) દ્રવ્ય વિના ચારિત્ર નહિ. ( દિ. )

(૧૮) ચારિત્ર વિના સમ્યક્ત્વથી મોક્ષ મળે. ( દિ. )

(૧૯) કેવલીના મસ્તક ઉપર કોઈ વસ્ત્ર મૂકે તો કેવલજ્ઞાન ઘટી જાય. ( દિ. )

(૨૦) ભાવ–લિંગને પ્રમાણરૂપ ગણીએ તો સિદ્ધના પંદર ભેદ ઘટે–વ્યાજબી ઠરે. ( શ્વે. )

(૨૧) સ્ત્રી–લિંગે સિદ્ધ થવાય. ( શ્વે. )

(૨૨) મલ્લિ તીર્થંકર સ્ત્રી હતાં, નહિ કે પુરુષ. ( શ્વે. ) તીર્થ(કર)ને પ્રણામ અને પ્રદક્ષિણા બાહુબલિએ (?) કર્યાં. ( શ્વે. )

(૨૩) તીર્થંકર વાર્ષિક દાન દે છે. ( શ્વે. )

(૨૪) પરહિત કરવાથી પુણ્ય મળે છે. ( શ્વે. )

(૨૫) કપિલ ( કેવલીએ ) નૃત્ય કર્યું હતું. ( શ્વે. )

(૨૬) મલ્લિ અને નેમિ એ બે જ તીર્થંકર અપરિણીત રહ્યાં હતાં. ( શ્વે. )

(૨૭) દ્રૌપદીને પાંચ પતિ ન હતા. ( દિ. )

આ પ્રમાણે બીજા બોલ પણ રજૂ થઈ શકે, પણ એ કાર્ય અત્યારે થઈ શકે તેમ નહિ હોવાથી હું ગૂ. સા. સં. ( ભા. ૧ )માં પ્રસ્તુત કૃતિને અંગે જે બોલસૂચક શીર્ષકો અપાયાં છે તે હું લગભગ તેવાં ને તેવાં રજૂ કરું છું.

૧ અઢાર દોષની અન્ય રીતે માન્યતા, ૨ કેવલી ભુક્તિ, ૩ તીર્થંકરનું શરીર સપ્ત ધાતુ સહિત છે, ૪ કેવલીને અગિયાર પરિષહ છે, ૫ કેવલી–આહાર–સિદ્ધિ, ૬ કેવલીની વાણીની સાક્ષરતા, ૭ 'માનુષોત્તર' પર્વતથી બહાર મનુષ્યગતિ, ૮ ભરતને ગૃહસ્થપણામાં કેવલજ્ઞાન. ૯ વ્યવહારનયની આવશ્યકતા, ૧૦ અન્ય લિંગી વેષે સિદ્ધિ, ૧૧ સ્ત્રીલિંગ–સિદ્ધિ, ૧૨ બાહુબલિ કેવલીનો વિનય, ૧૩ તીર્થંકરનું વાર્ષિક દાન, ૧૪ કપિલ કેવલીનું નૃત્ય, ૧૫ મલ્લિ અને

૧૦. 'દિ.' થી એમ સુચવાય છે કે આ દિગંબરોની માન્યતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નેમિજિન કુંવારા, ૧૬ સાધુનું ભિક્ષાગ્રહણ, ૧૭ કસ્તૂરી આદિથી પૂજા, ૧૮ જિન પ્રતિમાની અંગપૂજા, ૧૯ સમવસરણમાં જિનની નગ્નતાનું અદર્શન, ૨૦ ગૌતમસ્વામીએ પરિવ્રાજકનો કરેલો સત્કાર, ૨૧ જિન-પ્રતિમાનું પ્રક્ષાલન, ૨૨ ગુરુની સ્થાપના, ૨૩ 'શત્રુંજય' તીર્થ છે, ૨૪ શુદ્ધોપયોગમાં સાધુ ઉપદેશ તથા દીક્ષા આપે, ૨૫ વસુદેવની બોતેર હજાર (૭૨૦૦૦) સ્ત્રી, ૨૬ મહાવીરસ્વામીનો જમાલિ નામે જમાઈ, ૨૭ ચંડરુદ્રાચાર્યના શિષ્યને કેવલજ્ઞાન, ૨૮ વ્યવહારની સ્થાપના, ૨૯ દિગંબરોની રીત, ૩૦ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય એ બન્ને મુખ્ય છે, ૩૧ પર્યાય ગુણ છે. ગુણાર્થિક નય જુદો નથી. ૩૨ નય સાત છે, નવ નહિ. ૩૩ સમયપર્યાયની કાલદ્રવ્યતા, ૩૪ પ્રભુ વીરે 'મેરુ' ચળાવ્યો, ૩૫ મુનિસુવ્રતસ્વામીના 'ગણધર' અશ્વ, ૩૬ અડસઠ અક્ષરનો નવકાર મંત્ર, ૩૭ તીર્થંકરની દેશના અર્ધ-માગધીમાં, ૩૮ સ્વર્ગમાં તીર્થંકરની દાઢાની પૂજા, ૩૯ નીચ કુળમાં ઉત્પન્ન થયેલાની પણ સિદ્ધિ, ૪૦ વીર પ્રભુનો ગર્ભાપહાર, ૪૧ વીર પ્રભુના બે પિતા, ૪૨ ત્રિશલાનું અસતીત્વ નથી, ૪૩ બાહુબલિએ કેવલી થયે તીર્થંકરની પ્રદક્ષિણા કરી, ૪૪ વીરે છીંક ખાધી, ૪૫ 'હરિવર્ષ' ક્ષેત્રાદિમાં યુગલિકનું આનયન ૪૬ 'સૌધર્મ' દેવલોકમાં ચમરોત્પાત, ૪૭ વીરનો અનાર્ય દેશમાં વિહાર, ૪૮ દેવ મનુષ્ય વચ્ચે ભોગ, ૪૯ વીરનું પ્રથમ વ્યાખ્યાન વિફલ થયું, ૫૦ તીર્થંકરની માતાને ચૌદ સ્વપ્ન, ૫૩ બત્રીશ અતિશય જુદાં કરવાં યોગ્ય નથી, ૫૪ ચર્મ જલપાને દોષ નથી, ૫૫ પાકું ઘી કલ્પે, ૫૬ મરુદેવી અને નાભિ બન્ને જુગલિયાં, ૫૭ તેમનાથી ઋષભ જિનનો જન્મ, ૫૮ સાધુ પાત્રધારી અને એમનાં ઉપકરણોની સ્થાપના, ૫૯ જિનાગમો વિદ્યમાન છે.

**ગ્રંથો અને ગ્રંથકારો વિષે ઉલ્લેખ**[૧૧]—પ્રસ્તુત કૃતિમાં નીચે મુજબ બાર ગ્રંથોનાં નામ અપાયાં છે:—

**આવશ્યક** (૪), **ગોમટસાર** (૧૦૩), **જ્ઞાતાસૂત્ર** (૧૪૨), **તત્ત્વારથ** (તત્ત્વાર્થ), (૨૫, ૮૩, ૯૨), **તન્ત્રસમાધિ** (૧૧૧), **નયચક્ર** (૮૩), **પ્રવચનસાર** (૨૯, ૪૪, ૬૦, ૭૭), **વ્યવહાર-ભાષ્ય** (૭૪), **શત્રુંજય માહાતમ** (શત્રુંજય માહાત્મ્ય) (૧૦૦) **સમયસાર** (૪૨), **સંમતિ** (૭૯, ૮૨), અને **સૂગડાંગ** (સૂત્રકૃતાંગ) (૧૧૪).

ગ્રંથકારનાં નામ નીચે મુજબ છે:—

**દેવસેન** (૮૩), **સિદ્ધસેન** (દિવાકર) (૭૯) અને **હેમરાજ** પાંડે.

આ ઉપરાંત પૃ. ૯૨માં **તત્ત્વારથના** વૃત્તિકારનો ઉલ્લેખ છે. એ વૃત્તિકાર **સિદ્ધસેન-ગણી** હોય એમ લાગે છે.

**અવતરણ**—પ્રસ્તુત કૃતિમાંથી અન્યત્ર અવતરણ અપાયાં છે. જેમકે કર્તાએ લખેલ [૧૨]**કાગળ** (પૃ. ૯૦)માં નિમ્નલિનિત પદ્ય અવતરણરૂપે આપ્યું છે, તેમ કરતી વેળા પ્રસ્તુત કૃતિનો એમણે "૮૪ બોલવિચાર" એ નામથી ઉલ્લેખ કર્યો છે:—

---

૧૧. અન્ય વિશેષ નામ તરીકે આર્યકૃષ્ણ અને એમના એક વખતના શિષ્ય સહસ્રમલ્લનો ઉલ્લેખ પાંચમા પદ્યમાં જોવાય છે.

૧૨. આ કાગળ **ગૂ. સા૦ સં૦** (ભા. ૨) માં પૃ. ૮૫-૧૧૨માં છપાવાયો છે. એ માટે કર્તાના હસ્તાક્ષરવાળી હાથપોથીનો ઉપયોગ કરાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"सूत्रनमइं परिसह कहे वृत्ति लेउ नकार ।
जो संसो उपजत नहीं ते तुझ भ्रमको भार ॥"

આ પદ્ય કંઈક ફેરફાર સાથે **ગૂ. સા. સં.** ( ભા. ૧ ) માં પદ્ય તરીકે જોવાય છે. એવી રીતે **જૈનધર્મવરસ્તોત્ર** (શ્લોક ૨૮, ૩૦ અને ૩૬) ની સ્વોપજ્ઞ વૃત્તિમાં પૃ.[૧૩] ૯૧, ૯૫ અને ૧૧૦ માંનાં અવતરણો ૧૮, ૧ અને ૪૫મા પદ્યરૂપે થોડાક ફેરફાર સાથે નજરે પડે છે.

**મહત્ત્વ:**—પ્રસ્તુત કૃતિ વિવિધ દૃષ્ટિએ મહત્ત્વની છે. જેમકે,

(૧) આ કૃતિ ઓછામાં ઓછાં ૨૬૭ વર્ષ જેટલી તો પ્રાચીન છે જ, એટલે એ સમયની હિંદી ભાષાના અભ્યાસ માટે એ કામમાં લઈ શકાય તેમ છે.

(૨) લગભગ ત્રણસો વર્ષ ઉપર જૈન સમાજ કેવા કેવા મતભેદોમાં રસ ધરાવતો હતો તેનું એ સમયની સામાજિક મનોદશાનું પ્રસ્તુત કૃતિ દિગ્દર્શન કરાવે તેમ છે.

(૩) સૌથી મહત્ત્વની વાત તો એ છે કે શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચેના [૧૪]મતભેદોનો શૃંખલાબદ્ધ ઇતિહાસ તૈયાર કરવામાં આ કૃતિ ઉપયોગી થઈ પડે તેમ છે. જો આવો ઇતિહાસ નિષ્પક્ષપાતપણે રચાય અને એમાં પ્રત્યેક મતભેદ ક્યારે કેમ ઉત્પન્ન થયો અને કેવી રીતે એ પોષાયો અથવા તો ઓછેવત્તે અંશે જતો કરાયો તેનું વાસ્તવિક નિરૂપણ કરાય તો જૈનોના બે મુખ્ય ફિરકાઓ વચ્ચેનું વૈમનસ્ય સહેજે ઓછું થાય અને એ કંઈ નાનોસૂનો લાભ ન ગણાય.

આમ પ્રસ્તુત કૃતિનું અનેકવિધ મહત્ત્વ હોવાથી તેમજ અવતરણોમાં ક્વચિત્ ફેરફાર જણાય છે તેથી એનો વિશેષ પ્રચાર અને અભ્યાસ થવો ઘટે. એ માટે આ કૃતિનું સમીક્ષાત્મક સંસ્કરણ તૈયાર કરાવી પ્રકાશિત કરાવું જોઈએ. એમાં પૂર્વપક્ષ તરીકે હેમરાજ પાંડેની **સિતપટ ચોર્યાસી બોલ** નામની કૃતિને સ્થાન અપાવું ઘટે.[૧૫] વિશેષમાં પ્રસ્તુત કૃતિનો ગુજરાતી અનુવાદ પણ અપાવો જોઈએ. સાથે સાથે સામસામી અપાયેલી દલીલો કેટલી સબળ અને પ્રાચીન છે તે દર્શાવવું જોઈએ. ન્યાયાચાર્યની કૃતિઓના પ્રચારાર્થે પ્રયાસ કરનારી ડભોઈમાં નિમાયેલી સમિતિ આ બાબત પૂરતું લક્ષ્ય આપશે, તો મારા જેવાના આનંદમાં વૃદ્ધિ થશે.

---

૧૩. આ પૃષ્ઠાંક દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી પ્રકાશિત અને મારે હાથે સંપાદિત આવૃત્તિ અનુસાર છે.

૧૪. "ઉત્તમ અને મધ્યમ ત્યાગમાર્ગના એ પ્રાચીન સમન્વયમાં જ વર્તમાન દિગંબર શ્વેતાંબરોના ભેદનું મૂળ છે," એમ પં. સુખલાલજીએ **તત્ત્વાર્થસૂત્ર** ( ગૂજરાતી વ્યાખ્યા સહિત ) ના પરિચય ( પૃ. ૩૦, દ્વિતીય આવૃત્તિ)માં કહ્યું છે. વિશેષમાં એમણે અહીં ( પૃ. ૩૦-૪૨ માં ) અચેલત્વ અને સચેલત્વ તેમ જ શ્રુતના સ્વીકાર-અસ્વીકાર વિષેના કેટલાક મુદ્દા રજૂ કર્યા છે.

૧૫. થોડા વખત ઉપર મને **દિગંબરમતખંડન** નામની કૃતિની એક હાથપોથી જોવા મળી હતી એમાં સત્તર બાબતો વિષે ઊહાપોહ કરાયો છે. જેમકે પરિધાપનિકા, જિનમૂર્તિ, બલિ, કસ્તૂરિકા, યોગપટ્ટક, સ્ત્રી-નિર્વાણ ઇત્યાદિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવી મદદ

રૂા. ૫૦) શ્રી ગોડીજી મહારાજ જૈન દેરાસર, પાયધુની, મુંબઈ-૩

## સમિતિના ચારે પૂ. મુનિસભ્યોનાં સરનામાં

(૧) પ. પૂ. આ. મ. શ્રીવિજયલબ્ધિસૂરિજી મહારાજ
ઠે. તપગચ્છ અમર જૈનશાળા ખારવાડો, ખંભાત.

(૨) પ. પૂ. આ. મ. શ્રીવિજયલાવણ્યસૂરિજી મહારાજ
ઠે. તપગચ્છ જૈન દેરાસર, એંડ્રુઝરોડ, શાન્તાક્રુઝ, મુંબઈ-૨૩.

(૩) પ. પૂ. આ. મ. શ્રીચંદ્રસાગરસૂરિજી મહારાજ
ઠે. તપગચ્છ જૈન ઉપાશ્રય, ૯૬, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા.

(૪) પ. પૂ. મુનિ શ્રીદર્શનવિજયજી મહારાજ (ત્રિપુટી)
ઠે. જૈન ધર્મશાલા, સદર બજાર, મેરઠસદર (યુ. પી.)

## પુસ્તક—સ્વીકાર

પુસ્તકનું નામ : **શ્રી जिनपूजापद्धति**
લેખક : પં. શ્રી. કલ્યાણવિજયજી ગણિ
પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન : શ્રી. ક. વિ. શાસ્ત્રસંગ્રહ સમિતિ–જાલોર (મારવાડ)
મૂલ્ય : સદુપયોગ

પુસ્તક : **શ્રી. મહેન્દ્ર જૈન પંચાંગ**
કર્તા : પં. શ્રી વિકાસવિજયજી
પ્રકાશક : અમૃતલાલ કેવળદાસ મહેતા, નાગજી ભૂદરની પોળ, અમદાવાદ.
કિંમત : બાર આના

## પૂજ્ય મુનિરાજોને

પૂજ્ય આચાર્યાદિ મુનિવરો પોતાનાં સરનામાં કાર્યાલયમાં લખી મોકલે એવી વિનંતિ કરીએ છીએ. વ્યવ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

# શ્રી જૈન સત્ય પ્રકાશ
## અંગે સૂચના

### યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને કાયમને માટે માસિક મોકલવામાં આવે છે.

### વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

### ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩ ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

### લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય. જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ—અમદાવાદ.

For Private And Personal Use Only